
માર્ચ ૧૯૮૦ ❋ આત્મધર્મ ❋ [૪૩૭] વર્ષ ૩૬ અંક ૯



પરમ દિગમ્બર મુનિવરના પરમ ઉપાસક દાસાનુદાસ ગુરુદેવશ્રી
મુનિરાજ શ્રી પાર્શ્વનાથને આહારદાન કરાવી રહ્યાં છે.

[ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ, વડોદરા ]



વડોદરાના નવનિર્મિત શ્રી આદિનાથ જિનાલયની ઉપરની વેદીમાં બિરાજમાન કરાયેલા ૧૦૦૮ શ્રી શાંતિનાથ સ્વામીના જિનબિંબની અંકન્યાસવિધિ પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન ળ દ્વારા થઈ રહી છે.


વાર્ષિક
લવાજમ
૭ રૂપિયા
વર્ષ ૩૬
અંક ૯
[૪૩૭]

વીર
સંવત
૨૫૦૬
A. D. 1980
MAR.

દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર



વડોદરાના નવનિર્મિત આદિનાથ જિનાલયની નીચેની વેદીમાં બિરાજમાન થયેલા જિનભગવંતો.

શ્રી ચંદ્રપ્રભુસ્વામી, શ્રી આદિનાથસ્વામી, શ્રી સીમંધરસ્વામી.

(પ્રતિષ્ઠા-મંડપની વેદીમાં બિરાજમાન જિનભગવંતોનું દૃશ્ય.)

વસ્૬૫

## વડોદરાના પ્રાંગણમાં ઉજવાયેલો અભૂતપૂર્વ
## જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ

તા. ૧૮-૨-૮૦ના રોજ સવારે વડોદરા શહેરમાં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ પધરામણી થતાં, ન્યાયમંદિરથી શરૂ કરીને આદિનાથનગર સુધી બેન્ડવાજા, બે-બે હાથી, બગીઓ અને ભક્તવૃંદ સહિત, સુશોભિત હરણગાડીમાં પૂજ્ય ગુરુદેવશ્રીને બિરાજમાન કરીને ભવ્ય સ્વાગત-યાત્રા નીકળી હતી. સેંકડો ભાવિકો ઉપરાંત ગુજરાત રાજ્યના ઉદ્યોગમંત્રી શ્રી જશવંતલાલ શાહ, વડોદરાના મેયર શ્રી રમણુલાલભાઈ પટેલ તથા ધારાસભ્ય શ્રી જયંતિભાઈ પટેલે આ સ્વાગતયાત્રામાં જોડાઈને પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ પધરામણી પ્રતિ પોતાનો ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો.

પંચકલ્યાણક પ્રતિષ્ઠા વિધિ તથા પ્રવચન માટેના સ્થળ આદિનાથનગરે પૂજ્ય ગુરુદેવશ્રી પધારતાં કેસરી સાડી તથા મસ્તક પર સુશોભિત કળશ ધારણુ કરેલી કુમારિકા તથા અ. સૌ. બહેનોએ પૂજ્યશ્રીનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ અહીંની વીતરાગ-વિજ્ઞાન પાઠશાળાની બાલિકાઓએ સ્વાગતગીત દ્વારા પૂજ્યશ્રીની પધરામણીને અભિવંદી હતી.

સ્વાગત-પ્રમુખ, ઉદ્યોગપ્રધાન શ્રી જશવંતલાલ શાહે પોતાના સ્વાગતભાષણમાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ પોતાનો અહોભાવ વ્યક્ત કરતાં કહ્યું કેઃ-પંદર મહિના પહેલાં જે જિન-મંદિરનો શિલાન્યાસ વિધિ પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં થયો હતો તે જિનમંદિરમાં પંચકલ્યાણક-પ્રતિષ્ઠાપૂર્વક તા. ૨૮-૨-૮૦ના રોજ જિનબિંબોની સ્થાપના કરવા ફરીથી તેઓશ્રી વડોદરા શહેરમાં પધાર્યા એ આપણા સૌનું મહા સૌભાગ્ય છે. અત્રે પધારીને પૂજ્ય ગુરુદેવશ્રી જે આત્મધર્મની જ્ઞાનગંગા વહેવડાવશે તેનો આત્મિક લાભ લઈને આપણે સૌ આત્મકલ્યાણ કરીયે એ જ પૂજ્ય ગુરુદેવશ્રીનું વાસ્તવિક સ્વાગત 'કર્યું' કહેવાશે. પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા દિગંબર સનાતન જૈન શાસન દુનિયામાં સર્વત્ર ફેલાય તથા તેમની પાવન ઉપસ્થિતિમાં આ જિનબિંબ પંચકલ્યાણક-પ્રતિષ્ઠા-મહોત્સવ આનંદોલ્લાસ પૂર્વક ઉજવાય એ જ ભાવના ભાવું છું.

ત્યાર બાદ વડોદરા શહેરના મેયર શ્રી રમણુલાલભાઈ પટેલે પોતાના સ્વાગત ભાષણમાં શહેરની જનતા વતી કહ્યું કે પૂજ્ય ગુરુદેવશ્રી આપણા શહેરમાં પધારતાં, તેઓશ્રીના

આધ્યાત્મિક આત્મકલ્યાણકારી પ્રવચનોનો આપણે સૌ પૂરેપૂરો લાભ લઈએ અને તેઓશ્રીના આશીર્વાદથી આપણે સૌ તથા સકલ જગતના જીવો આત્મકલ્યાણ પામીએ એવી ભાવના ભાવું છું.

છેલ્લે વડોદરા દિગંબર મુમુક્ષુ મંડળની સ્થાપના કરવામાં અતિ-ઉત્સાહી તથા મુમુક્ષુમંડળના પ્રમુખ શ્રી ચંદુલાલભાઈ કોટડીયાએ પોતાના સ્વાગત ભાષણમાં, કેટલા ટૂંકા સમયના ગાળામાં આ મંડળની સ્થાપના થઈ ને કેટલા ઉત્સાહથી જિનમંદિર ને સ્વાધ્યાય મંદિરના નિર્માણનું આયોજન કરવાનું નિશ્ચિત થયું તેની વિગત સમજાવીને કહ્યું કે:-૭૫ વર્ષ પહેલાં આ જ વડોદરા શહેરમાં ૧૬ વર્ષની વયે જે યુવાન વણિક કાનજીકુમારે વડોદરાના ન્યાયમંદિરમાં આવીને પ્રમાણિકતાનો પુરાવો આપ્યો હતો એ જ ધર્મચક્રી આત્મજ્ઞાની પૂજ્ય કાનજીસ્વામીએ સ્વાનુભવથી દેશવિદેશમાં સર્વજ્ઞની ન્યાયાલયના કાયદાઓ બતાવીને, જીવોને આત્મહિતના માર્ગે દોરતાં દોરતાં આજે ૯૧ વર્ષની ઉંમરે વડોદરા શહેરમાં પધારીને આપણા ઉપર મહાન ઉપકાર કર્યો છે. તેઓશ્રીના આત્મસ્પર્શી ઉપદેશનો લાભ લઈને, અંતરમાં ઉતારીને આપણે સૌ સ્વાનુભવના માર્ગે પ્રવર્તીએ એ જ ભાવના ભાવું છું.

ત્યાર બાદ પૂજ્ય ગુરુદેવશ્રીએ માંગલિક ફરમાવતાં શ્રીબૃહદ દ્રવ્યસંગ્રહનો આધાર આપીને શ્રોતાજનોને મંગળ આશીર્વાદ આપ્યા કે ધર્મી જીવ એમ વિચારે છે કે અમે તો મોક્ષ પામવાના જ છીએ પણ જગતના બધા જીવો કર્મોથી મુક્ત થઈ સદાય અનંત સુખને ભોગવો. હું તો મલિનતાથી જુદો પડેલો છું ને અલ્પકાળમાં પરમાત્મા થનારો છું જ ને જગતના બધાય આત્માઓ પણ પરમાત્મા થાઓ.

* તા. ૨૧-૨-૮૦, ગુરુવાર *

ફાગણ સુદ ૬ ના સુપ્રભાતે ખનિયાધાના, અશોકનગર તથા ગુનાના જૈન યુવા-ફેડરેશનના ત્રણ બેન્ડ, ૬ હાથી, સુશોભિત હરણગાડી અને બગીઓ સાથે ભવ્ય જુલુસ પૂર્વક શ્રી આદિનાથ ચૈત્યાલયના પ્રતિષ્ઠિત જિનબિંબ પ્રતિષ્ઠાવેદીમાં બિરાજમાન કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આદિનાથ નગરના-પ્રતિષ્ઠા મંડપના અગ્રભાગમાં વીતરાગ જિનેન્દ્ર-ધર્મની વિજયપતાકા ફરકાવતી ઝંડારોપણની મંગળવિધિ, વીતરાગ જિનેન્દ્રધર્મપ્રભાવક પૂજ્ય ગુરુદેવશ્રીના પવિત્ર કરકમળ દ્વારા, જિનબિંબ-પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવની આદ્ય શુકનવંતી બોલી લઇને મહેતા ચુનિલાલ રાયચંદ (બાબુભાઈ ફતેપુરવાળા) ના પરિવારે કરાવી હતી.



[ ઝંડારોપણની વિધિ પ્રસંગે શ્રી બાબુભાઈ મહેતા, ફતેપુર તથા પ્રમુખ શ્રી ચંદુભાઈ કોટડીયા ]

ઝંડારોપણની મંગલવિધિ બાદ, વસ્તુસ્વભાવનું યથાર્થ સ્વરૂપ દર્શાવતી, જૈન-શાસનના પ્રાણ સમી શ્રી સમયસાર શાસ્ત્રની ૧૧મી ગાથા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક પ્રવચન થયું હતું. સવારે તથા બપોરે પ્રવચન બાદ ઈન્દ્રો દ્વારા શ્રી ચોંસઠ ઋદ્ધિ-મંડલ વિધાન પૂજા તથા અભિષેક કરવામાં આવ્યો હતો.

રાત્રે ચર્ચા પછી શ્રી કુંદકુંદકહાન પાઠશાળાની બાલિકાઓએ "આશ્રય કોનો કરવો ?"–એ નામની એક નાટિકા રજુ કરી હતી. જીવ આદિ સાતે તત્ત્વોના સ્વાંગમાં સાતેય બાલિકાઓએ પોતપોતાનું વર્ચસ્વ કેટલું છે, પ્રભાવ કેટલો છે તેની આધ્યાત્મિક ચર્ચાઓ કરી હતી. ચર્ચાને અંતે પરમ પારિણામિક ભાવ બનેલી આઠમી બાલિકાએ પોતાનો મહિમા વર્ણવીને સિદ્ધ કર્યું કે પરમ પારિણામિક શુદ્ધ જીવ જ આશ્રય કરવા લાયક છે–એ મૂળ ગહન વિષયને રસપ્રદ રીતે નાટિકા દ્વારા રજુ કરીને પ્રેક્ષકોને પ્રમુદિત કર્યા હતા.

* ભગવાન શ્રી આદિનાથ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવના વિધિનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનના પિતા શ્રી અશ્વસેન મહારાજા તથા માતા વામાદેવી થવાનું સૌભાગ્ય મુંબઈના

રહીશ શ્રી માણેકલાલ રામચંદ ગાંધી તથા અ. સૌ. સવિતાબેન માણેકલાલ ગાંધીને પ્રાપ્ત થયું હતું. સૌધર્મ-ઈન્દ્ર પ્રમુખ શ્રી ચંદુલાલ પોપટલાલ કોટડીયા થયા હતા. તદુપરાંત ઈશાન ઈન્દ્ર, કુબેર તથા અન્ય ઈન્દ્રો થવાનું સૌભાગ્ય મુખ્યત્વે વડોદરા મુમુક્ષુ મંડળના મુમુક્ષુઓને પ્રાપ્ત થયું હતું.

* તા. ૨૨-૨-૮૦, શુક્રવાર *

ફાગણ સુદ ૭ ના સુપ્રભાતે પ્રતિષ્ઠા મંડપમાં મંગલ કુંભ સ્થાપનની નાંદીવિધાનની પવિત્ર વિધિ ઘણા આનંદ પૂર્વક થઈ હતી. સવારે પ્રવચન પહેલાં પંચકલ્યાણકપ્રતિષ્ઠાની બધી વિધિ જેમના દ્વારા કરવામાં આવે છે તે સોળ ઈન્દ્ર-ઈન્દ્રાણી થનારા સર્વેને પૂજ્ય ગુરુદેવે 'આચાર્ય-અનુજ્ઞા' રૂપે માંગલિક મંત્ર સુણાવીને મંગલ આશીર્વાદ આપ્યા હતા અને એ રીતે તેઓની 'ઈન્દ્ર પ્રતિષ્ઠા' થઈ હતી.

પ્રવચન બાદ અનિયાધાના, અશોક નગર તથા ગુના શહેરના અખિલ ભારતીય યુવા ફેડરેશનના ઉત્સાહી કાર્યકરોના બેન્ડ અને રાસ-ભક્તિ સહિત, ૬ હાથીઓ, બે ઘોડાવાળી ૪ બગીઓ, છ હરણ ગાડીઓ તથા મુમુક્ષુ ભાઈ-બહેનોના વૃંદ સાથે માતા-પિતા તથા સોળ ઈન્દ્રોનું એક ભવ્ય 'ઈન્દ્ર-જુલૂસ' વડોદરાના કેટલાક મુખ્ય માર્ગો પર નીકળ્યું હતું. જુલુસની ભવ્યતા જોઈને લોકોને ભગવાનનો પંચકલ્યાણક ઊજવવા ઈન્દ્રો સ્વર્ગમાંથી સમૂહરૂપે કેવા આવતા હશે તેનો તાદૃશ ચિતાર હૃદયંગમ થતો હતો.

* તા. ૨૩-૨-૮૦, શનિવાર *

ફાગણ સુદ ૮ ના રોજ સવારના પ્રવચન બાદ ઈન્દ્ર-ઈન્દ્રાણીઓ દ્વારા શ્રી યાગ-મંડલવિધાન પૂજા તથા અભિષેક થયા હતા. બપોરના પ્રવચન બાદ વડોદરા શહેરનાં આંગણે અભૂતપૂર્વ ઘટયાત્રા નીકળી હતી. ૧૦૮ સુશોભિત કળશો મસ્તક પર ધારણ કરેલી કુમારિકાઓ તથા સૌભાગ્યવતી બહેનો સહિત ૬ હાથીઓ, બે ઘોડાવાળી સુસજ્જ ચાર બગીઓ, ૬ હરણગાડીઓ, ત્રણ યુવક મંડળના બેન્ડ અને ઘાટકોપરની ભજનમંડળીની ભક્તિ તથા રસ્તામાં ઠેરઠેર ઈન્દ્ર-ઈદ્રાણીઓ દ્વારા થતાં નૃત્ય ગરબા સાથે નીકળેલી આ જળયાત્રા શહેરમાં જ્યાંથી પણ પસાર થતી ત્યાં ઠેરઠેર માનવસમુદાય એકઠો થઈને વિસ્મયતા પૂર્વક તેની ભવ્યતાને નીરખતો હતો.

રાત્રે વિધિનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનના ગર્ભકલ્યાણકની પૂર્વક્રિયાનાં ભાવવાહી દશ્યો બતાવવામાં આવ્યા હતાં. જયંત નામના અનુત્તર વિમાનમાં, પાર્શ્વનાથનો જન્મ લેનાર અહમીન્દ્ર સાથે અન્ય અહમીન્દ્રોની સૂક્ષ્મ તત્ત્વચર્ચા તથા પાર્શ્વનાથના જીવ દ્વારા સમ્યગ્દર્શનની અગાધ મહિમાનું રસયુક્ત વર્ણન; સૌધર્મેન્દ્રની સભામાં જયંત વિમાનના

અહમીન્દ્રનું ત્રેવીસમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથ તરીકે જન્મ લેવાની ચર્ચા; મધ્યલોકમાં ભરતક્ષેત્રની બનારસ નગરીમાં જઈ તેને સુવર્ણ રત્નમય બનાવવા ઈન્દ્રની કુબેરને આજ્ઞા, ગર્ભમાં આવવાને છ મહિના પહેલાં પ્રતિદિન રત્નવર્ષા; મધ્યલોકમાં બનારસ નગરીમાં અશ્વસેન મહારાજાની રાજસભા; રાજસભામાં અન્ય રાજાઓ દ્વારા ભેદવિજ્ઞાન સંબંધી આધ્યાત્મિક પ્રશ્નોના અશ્વસેન મહારાજાએ આપેલા તથ્યસ્પર્શી ગંભીર ઉત્તર; સૌધર્મેન્દ્રની આજ્ઞાથી શ્રી, હ્રી, ધૃતિ, બુદ્ધિ, લક્ષ્મી વગેરે આઠ દિક્‌કુમારી દેવીઓનું અશ્વસેન મહારાજા તથા વામાદેવી માતા પાસે આવવું; દિક્‌કુમારી દેવીઓનો માતાની સેવાનો નિયોગ તથા તેમની સાથે ગંભીર તત્ત્વચર્ચા તેમજ ૫૬ કુમારીકાઓનો માતાજી સાથેનો ભાવવાહી વાર્તાલાપ વિગેરે ભાવવાહી સુંદર દશ્યો બતાવવામાં આવ્યા હતા.

દેવીઓ સાથે આત્મપ્રાપ્તિની ચર્ચા પછી માતાજી શયનખંડમાં પધારે છે, પાછલી રાત્રે તેમને ૧૬ ઉત્તમ શુભ સ્વપ્નો આવે છે ને છેલ્લે એક સુંદર શ્વેત વૃષભ મુખમાં પ્રવેશ કરતો હોય તેમ માતાજીને સ્વપ્નમાં દેખાય છે.

—આ પ્રમાણે ગર્ભકલ્યાણકની પૂર્વક્રિયાના ભક્તિભાવભીનાં દશ્યો જોઈને જનસમુદાય આનંદિત થયો હતો.

* તા. ૨૪–૨–૮૦, રવિવાર *

ફાગણ સુદ ૯ ના દિને પ્રાતઃ ગર્ભકલ્યાણકનો કાર્યક્રમ હતો. ઈન્દ્રસભા ભરવાનુ રહસ્ય સ્ફોટ કરતાં સૌધર્મેન્દ્ર કહે છે કે જયંત–અનુત્તર વિમાનનો અહમીન્દ્રનો જીવ મધ્યલોકમાં ભરતક્ષેત્રમાં હોનહાર ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ, વામાદેવી માતાના ગર્ભમાં જઈ ચૂકયા છે. આ મંગળ વધાઈ સાંભળીને ઈન્દ્રોએ ખૂબ પ્રસન્ન થઈને જગતનું કલ્યાણ કરનાર પાર્શ્વનાથ પ્રતિ પોતાનો ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો.

શ્રી વામાદેવી માતાના મહેલમાં દિક્‌કુમારી દેવીઓ માતાને જગાડવાનું પ્રાતઃ ભક્તિગીત ગાય છે. માતા જાગીને પ્રથમ પંચપરમેષ્ઠી સ્મરણ કરી દેવીઓને પોતાને આવેલાં ૧૬ સ્વપ્નની વાત કરે છે ત્યારે આઠ દિક્‌કુમારીઓ માતાજી પાસે પોતાનો પ્રમોદ વ્યક્ત કરે છે. ત્યારબાદ માતાજી કહે છે કે ચાલો આપણે રાજદરબારમાં જઈ મહારાજ શ્રીને આ દરેક સ્વપ્નોનું ફળ પૂછીએ.

સ્વપ્નો સાંભળીને મહારાજા અશ્વસેન અત્યંત પ્રસન્ન થાય છે. આ દરેક સ્વપ્નોના શુભ ફળનું વર્ણન કરીને કહે છે કે ત્રેવીશમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથના જીવને હે દેવી! આપે ગર્ભમા ધારણ કર્યો છે. અતિ આનંદપ્રદ સ્વપ્નફળ સાંભળીને માતા આનંદવિભોર બની

જિનાલયમાં જિનેન્દ્ર ભગવાનની ભક્તિપૂજામાં તથા આઠે દિક્કુમારી દેવીઓ સાથે તત્ત્વચર્ચાય કરવામાં આખો દિવસ વ્યતીત કરે છે. ૫૬ કુમારીકાઓ માતા પાસે પોતાનો પ્રમોદ વ્યક્ત કરે છે. અશ્વસેન મહારાજાના રાજદરબારમાં ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાન માતાના ગર્ભમાં પધારતાં અતિ આનંદનું વાતાવરણ પ્રસરી જાય છે.– એ રીતે ગર્ભકલ્યાણકનું ભાવવાહી દૃશ્ય પુરું થાય છે.

બપોરના પ્રવચન પછી નૂતન ભવ્ય જિનમંદિરનું તથા વેદી–કલશ–ધ્વજ વગેરેનું શુદ્ધિવિધાન ઈન્દ્ર–ઈન્દ્રાણીના હાથે થયું હતું. રાત્રે ઘાટકોપરની ભજન મંડળીએ છેલ્લા કેવળી શ્રી જમ્બુસ્વામીના વૈરાગ્ય પ્રસંગ ઉપર આધારિત "મોહ તૂટ્યા, બંધન છૂટ્યા" એ નામનું એક રસપ્રદ નાટક રજુ કર્યું હતું જે દેખી જનસમુદાય અતિ પ્રમોદિત થયો હતો.

* તા. ૨૫–૨–૮૦, સોમવાર *

ફાગણ સુદ ૧૦ના દિને પ્રાતઃ શ્રી પાર્શ્વકુંવરના જન્મકલ્યાણકની મંગલ વિધિનો કાર્યક્રમ દર્શાવવામાં આવ્યો હતો.

સ્વર્ગલોકમાં મંગલ ઘંટનાદ થાય છે. ઈન્દ્ર અવધિજ્ઞાનથી જાણી લે છે કે ભરતક્ષેત્રમાં બનારસના મહારાજા અશ્વસેનની મહારાણી વામાદેવીની કૂખેથી ત્રેવીસમાં તીર્થંકર શ્રી પાર્શ્વકુમારનો જન્મ થઈ ચૂક્યો છે. ઐરાવત હાથી ઉપર બેસી અગણીત દેવ-દેવીઓ સહિત સૌધર્મ-ઈન્દ્ર તથા શચીઈન્દ્રાણી બાલતીર્થંકર શ્રી પાર્શ્વકુમારના પાવન દર્શન તથા મેરુપર્વતની પાંડુકશિલા પર જન્માભિષેક માટે સ્વર્ગલોકમાંથી મધ્યલોક પર આવવા રવાના થાય છે.

તે જ સમયે પિતા શ્રી અશ્વસેન મહારાજા રાજસભામાં દેશોદેશના અનેક રાજવીઓ સહિત બિરાજમાન છે. ત્યાં અંતઃપુરનો ખાસ દૂત અતિ હર્ષજનક મંગલ વધાઈ લાવે છે કે મહારાણી વામાદેવી માતાએ પુત્રરત્નને જન્મ આપ્યો છે. મંગળ સમાચાર સાંભળીને શ્રી અશ્વસેન મહારાજ તથા સભાજનો અત્યંત આનંદિત થાય છે. એટલામાં જય જય કારના મંગલ નાદથી ગગન ગુંજાવતા ઈન્દ્રો અને દેવો ઐરાવત હાથી સહિત બનારસના પ્રાંગણમાં આવી પહોંચે છે ને રાજસભામાં આવીને અશ્વસેન મહારાજ તથા વામાદેવી માતાના 'સર્વોત્તમ શ્રેષ્ઠ માતા–પિતા' તરીકે ગુણગાન કરીને, તેના સૌભાગ્યને અભિનંદતા થકા હર્ષાનંદ વ્યક્ત કરે છે. શચી ઈન્દ્રાણી અંતઃપુરમાં જઈ, માયામયી શિશુ માતા પાસે રાખી, બાલતીર્થંકર શ્રી પાર્શ્વકુમારને પોતાની ગોદમાં લઈ જન્માભિષેક માટે સૌધર્મેન્દ્રને સોંપે છે.

સૌધર્મેન્દ્ર બાલતીર્થંકર શ્રી પાર્શ્વકુમારનું દેદીપ્યમાન અદ્‌ભૂત રૂપ નીરખીને તૃપ્ત થતાં નથી, તેથી હજાર નેત્રો કરી ફરીફરીને તે પાવન રૂપ જોયા જ કરે છે. એ પ્રમાણે જન્મકલ્યાણકની વિધિના આનંદકારી દૃશ્યો દર્શાવ્યા પછી સુશોભિત ઐરાવત હાથી ઉપર શ્રી પાર્શ્વકુમારને જન્માભિષેક માટે મેરુપર્વતની પાંડુકશિલા પર લઈ જાય છે.

જન્માભિષેકના આ ભવ્ય જુલૂસમાં અગાઉના દિવસની જેમ યુવા ફેડરેશનના ૩ બેન્ડ, ૬ હાથી, ૬ હરણગાડી, બે ઘોડાવાળી ૪ બગીઓ ઉપરાંત ૨૫ ઓટોરીક્ષા અને કેટલીક મોટરગાડીઓ સહિત લગભગ પાંચ થી સાત હજારનો જનસમુદાય આ જુલૂસમાં જોડાયો હતો. રસ્તામાં બાલતીર્થંકર સમક્ષ બહેનોએ ખૂબ ભક્તિ કરાવી હતા, ઉપરાંત ત્રણે યુવા ફેડરેશનના જૈનયુવકોએ દાંડીયારાસની ધૂન મચાવી હતી. ઘાટકોપરની ભજન મંડળીની ટ્રકમાં ભજન મંડળી ઉપરાંત શ્રી બાબુભાઈ ફતેપુર, શ્રી કનુભાઈ દાહોદ અને શ્રી જશવંતલાલ શાહે ઉપસ્થિત રહીને ભાવવાહી ભક્તિગાન દ્વારા સ્થાનિક નગરજનોને આશ્ચર્યમુગ્ધ કર્યા હતા. જન્માભિષેક માટેના નજરબાગ મેદાનમાં પ્રથમ સુવર્ણ કળશ દ્વારા તથા દ્વિતીય સુવર્ણ કળશ દ્વારા બાલતીર્થંકરના જન્માભિષેકનો અપૂર્વ લાભ અનુક્રમે શ્રી રતનલાલજી ગંગવાલ (કલકત્તા) તથા શ્રી શાંતિભાઈ ઝવેરી (મુંબઈ) ને સાંપડયો હતો. એ રીતે ૧૦૦૮ કળશ વડે, પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં, બાલતીર્થંકરનો જન્માભિષેક આનંદોલ્લાસ પૂર્વક થયો હતો.

જન્માભિષેકનું ભવ્ય જુલૂસ બનારસનગરીમાં પાછું ફર્યા બાદ સૌધર્મેન્દ્ર પાર્શ્વકુંવરને શચી મારફતે શ્રી વામાદેવી માતાને સોંપે છે અને ત્યાં સૌધર્મેન્દ્ર સહિત સોળે ઈન્દ્રો અને અનેક ભક્તો પણ તાંડવનૃત્ય દ્વારા પાર્શ્વકુંવરના જન્માભિષેકનો હર્ષાનંદ વ્યક્ત કરે છે.

બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક પ્રવચન બાદ બાલતીર્થંકર શ્રી પાર્શ્વકુમારના પારણા ઝૂલનની આનંદદાયી વિધિ થઈ હતી. હજારો ભક્તોના સમૂહ સમક્ષ, ભક્તિગાન સહિત, વિવિધરંગી વિદ્યુત જ્યોતિઓથી સુશોભિત રજતનિર્મિત પારણે ઝૂલતાં પાર્શ્વકુમારનું મનોહર દૃશ્ય અતીવ રોચક તથા આનંદકારી લાગતું હતું. બાલતીર્થંકરનું પારણુ ઝૂલાવવાનો અનેરો લ્હાવો લેવા માટે ભકતોની ભીડ જામી હતી. રાત્રે, બનારસ નગરીમાં યુવરાજ શ્રી પાશ્વકુમારની હાજરીમાં અશ્વસેન મહારાજનો રાજદરબાર ભરાયો હતો જેમાં યુવરાજ પાશ્વકુમાર માટે દેશ-વિદેશના રાજાઓ જર-ઝવેરાત તથા ભેટ સોગાદો લઈને આવતા હતા તે દૃશ્ય બતાવવામાં આવ્યું હતું.

[ અનુસંધાન પાનું ૨૭ ]

# શુદ્ધાત્મ-અવલોકન 卐 जाण अलिंगग्गहणम् ।

[ શ્રી પ્રવચનસાર, ગાથા-૧૭૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

## ❀ પ્રવચન ત્રીજું ❀

( વીર સં. ૨૫૦૪, કારતક વદ ૧૪ શુક્રવાર, તા. ૯-૧૨-૭૭નું પ્રવચન )

શ્રી પ્રવચનસારશાસ્ત્રની ૧૭૨મી ગાથામાં આ અલિંગગ્રહણનો બીજો બોલ ચાલે છે. આત્મા ઇન્દ્રિયો વડે જાણી શકાતો નથી ઇન્દ્રિયો વડે જેનું-આત્માનું-જ્ઞાન થતું નથી તથા એમ પણ કહ્યું કે આ પાંચ ઇન્દ્રિયો છે એ દ્વારા સાંભળીને વાંચીને જે જ્ઞાન થાય, એ જ્ઞાનદ્વારા પણ જેને જાણી શકાતો નથી, એવો જે આત્મા તે અલિંગગ્રહણ છે. બાહ્ય ઇન્દ્રિયો દ્વારા જણાય એવો નથી ને બાહ્ય ઇન્દ્રિયો દ્વારા જાણે એવો આત્મા નથી. અજ્ઞાનીઓ કહે છે કે વ્રત, તપ, દયા, દાન, ભક્તિ ને ક્રિયા કરે તેનાથી આત્માનું જ્ઞાન થાય પણ અહીં ભગવાન કહે છે કે એ વડે આત્મા જણાય જ નહિ. સમ્યગ્દર્શન થવા માટે ઇન્દ્રિયોથી થયેલા જ્ઞાન દ્વારા એ આત્મા પ્રતીતમાં આવે એમ છે જ નહીં.

શ્રી નિયમસારશાસ્ત્રમાં કહ્યું છે કે આ આત્મા જ્ઞાન ને આનંદની મૂર્તિ પ્રભુ છે એની પ્રતીતિ, એનું જ્ઞાન ને એમાં રમણતા એવું જે દર્શન-જ્ઞાન ને ચારિત્ર છે તે પરની અપેક્ષા વિના છે. અહીં પણ એ જ કહ્યું છે. આત્મા શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ છે તે વ્યવહારના જ્ઞાનથી-ઇન્દ્રિયથી થતાં જ્ઞાનથી-શાસ્ત્રના જ્ઞાનથી પણ જણાય એવો નથી. એ તો જ્ઞાનની અતીન્દ્રિય પર્યાય દ્વારા જણાય એવો છે અને તે અતીન્દ્રિય જ્ઞાનથી જાણનારો છે. વસ્તુ આવી છે પણ તેની તેને ખબર નથી, ખબર વિના અનંત કાળથી અનંત દુઃખોને પામતો પરિભ્રમણ કરી રહ્યો છે.

શ્રી રત્નકરંડ શ્રાવકાચારમાં નારકીનાં દુઃખોનું વર્ણન કરતાં કહ્યું છે કે નરકમાં જીવ સાગરોપમ સુધી રહ્યો છે, તેની એક ક્ષણમાત્રના દુઃખનું કરોડો જીભોથી ને કરોડો ભવથી વર્ણન થઈ શકે નહીં. એણે એવા દુઃખો મિથ્યાશ્રદ્ધાથી સહન કર્યાં છે. વિશેષ વર્ણન કરતાં કહે છે કે નારકીના જીવોને એટલું દુઃખ છે કે એ રાડ પાડે—બૂમ પાડે તે રાડ જો સિંહ ને હાથી સાંભળે તો તેના કાળજા ફાટી જાય. જે સિંહની રાડથી-ત્રાડથી હાથી ભાગી જાય એ સિંહના કાળજા પણ નારકીના દુઃખનો અવાજ સાંભળીને ફાટી જાય. અરે પ્રભુ! મિથ્યાત્વ એટલે શું? તેની તને ખબર નથી અને સમ્યગ્દર્શનમાં આત્મા

કેમ જણાય તેની તેને ખબર નથી. વ્રત કરો, ઉપવાસ કરો, ભક્તિ કરો, દાન કરો ને મંદિર કરો એનાથી કલ્યાણ થશે—એ મિથ્યાત્વ ભાવ છે, એ મિથ્યા શ્રદ્ધા છે. એવી રાગની મંદતાની ક્રિયાથી જણાય એવો આત્મા નથી. એવી ક્રિયાથી આત્માનું જ્ઞાન થાય એવો આત્મા નથી.

નારકીના દુઃખોનું વિશેષ વર્ણન કરતાં કહ્યું છે કે નરકની ભૂમિની ગંધ એવી છે કે તે ગંધનો એક કણિયો પણ જો અહીં લાવવામાં આવે તો કેટલાયે યોજનના મનુષ્યો તે ગંધથી મરી જાય. પરમાધામીઓ નારકીનાં શરીરના કટકા કટકા કરી નાખે તો પણ ઉછળી ઉછળીને શરીર પાછું ભેગું થઈ જાય છે. – આવા આવા અનંત ભવો જીવે કર્યા છે પણ તેની તેને ખબર નથી. લોકોને ડરાવવા માટે આ કહેવાતું નથી પણ આનંદના ભાન વિના આવા દુઃખ સહન કર્યા છે તેનો ખ્યાલ આપવા આ વાત કહેવાય છે. નરકમાં જ દુઃખ છે એમ નથી, સ્વર્ગમાં પણ દુઃખ છે. અનુકૂળ સામગ્રી ઉપર લક્ષ જાય છે એ રાગ છે ને રાગ એ દુઃખ છે. ભગવાન અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે, એને જાણ્યા વિના, માન્યા વિના, ઓળખ્યા વિના, આદર કર્યા વિના, બહારની સામગ્રી દેખી તેમાં લલચાયો. શરીર રૂપાળું સુંદર લાગે જે ખરેખર માટી–ધૂળ છે, પચાસ પચાસ લાખનાં મકાન હોય, દસ દસ લાખનું ફર્નીચર હોય, સુંદર પલંગમાં સૂતો હોય, સુંદર મલમલના કપડાં ઓઢયાં હોય—પણ એ બધું દુઃખ છે. ભાઈ! તને ખબર નથી. પરદ્રવ્ય ઉપર જેટલું લક્ષ જાય છે તે બધું દુઃખ છે. માટે સ્વદ્રવ્યનું જ્ઞાન કર એમ અહીં સમજાવે છે.

મુનિવ્રત ધારણ કરીને અનંતવાર નવમી ગ્રૈવેકમાં ઉપજ્યો, મહાવ્રત અનંતવાર ધારણ કર્યાં, પણ એ મહાવ્રતના પરિણામ પણ આસ્રવ અને દુઃખ છે તેની તને ખબર નથી, ભાઈ તેનાથી તો દુઃખ ઉત્પન્ન થશે. આહાહા! આવી વાત કોણ સાંભળે! અહીં તો કહે છે કે ભગવાન આત્માનું જ્ઞાન એટલે કે સમકિત ઈંદ્રિયના જ્ઞાન દ્વારા ન થાય. બહુ શાસ્ત્રો ભણ્યો હોય, કરોડો–અબજો શ્લોકો કંઠસ્થ કર્યા હોય—એ જ્ઞાન દ્વારા આત્મા જણાય એવો એ આત્મા નથી. બહારના વેગમાં ચડી ઘણો આગળ વધી ગયો છે તેથી તેણે ઘણું પાછું વળવું પડશે. અહીં તો કહે છે કે વ્યવહાર શાસ્ત્રજ્ઞાન વ્યવહાર પંચમહાવ્રતના પરિણામ અને વ્યવહાર દેવ–શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધાનો રાગ એ વડે આત્મા જણાય એવો નથી. એ વડે આત્માને સમકિત થતું નથી. આમ આત્મા ઈન્દ્રિય પ્રત્યક્ષનો વિષય નથી, ઈંદ્રિયથી જે જ્ઞાન થાય તેનો પણ આત્મા વિષય નથી. —આમ આ બીજો બોલ થયો.

જેમ ધૂમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ થાય છે તેમ લિંગ દ્વારા એટલે કે ઇંદ્રિયગમ્ય દ્વારા (– ઇંદ્રિયોથી જણાવાયોગ્ય ચિહ્ન દ્વારા) જેનું ગ્રહણ (–જાણવું) થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ઇંદ્રિય પ્રત્યક્ષ-પૂર્વક અનુમાનનો વિષય નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. ૩.

જેમ ધૂમાડા દ્વારા અગ્નિનું જ્ઞાન થાય છે, જ્યાં ધૂમાડો હોય ત્યાં અગ્નિ હોય એમ અનુમાનથી જ્ઞાન થાય કે આ ધુમાડો છે માટે ત્યાં અગ્નિ છે. તેમ ઇંદ્રિયોથી જણાવાયોગ્ય ચિહ્ન દ્વારા કે આણે બહુ ઉપવાસ કર્યો, શરીર બહુ જીર્ણ થઈ ગયું એવા ચિહ્ન દ્વારા આત્માનું જ્ઞાન ન થાય. લિંગ દ્વારા એટલે કે ઇન્દ્રિયગમ્યદ્વારા–ઇન્દ્રિયોથી જણાવાયોગ્ય ચિહ્ન દ્વારા કે આને બહુ આવડે છે, બહુ બોલે છે એવા ઇંદ્રિયગમ્ય ચિહ્ન દ્વારા એ જણાવાલાયક નથી. આહાહા! આચાર્યોએ કમાલ કામ કરી નાખ્યું છે. તેઓ કહે છે એવી દૃષ્ટિ અનંતકાળમાં કરી જ નથી, બહારમાં ને બહારમાં જ શાસ્ત્ર વાંચ્યા, શાસ્ત્ર ભણ્યા, મહાવ્રત પાળ્યા એવી બધી ક્રિયાઓ કરી, જે બધી બહારની છે. એ ચિહ્ન દ્વારા આત્માનું જ્ઞાન થાય એવો આત્મા નથી. એ દ્વારા આત્માનું સમ્યગ્દર્શન થાય એવો આત્મા નથી.

શાસ્ત્રનાં ભણતર અનંતવાર કર્યાં, અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વની લબ્ધિ થઈ છતાં એવા જ્ઞાનથી પણ આત્મા જણાય એવો નથી. ભગવાન જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે, એટલે કે જ્ઞાનસ્વરૂપી છે, જ્ઞાનનો પુંજ પ્રભુ છે, અતીન્દ્રિય જ્ઞાનમય છે, એથી અતીન્દ્રિય જ્ઞાન દ્વારા જણાય એવો છે. આવી વાતો કઠણ પડે એટલે કહે કે આ તો નિશ્ચય છે, વ્યવહારને તો કાંઈ ગણતા જ નથી. તેને કહે છે કે ભાઈ! નિશ્ચય તો આ છે, સત્ય તો આ છે કે નિશ્ચય સમ્યગ્દર્શન થવામાં-ભગવાન આત્માનો અંદર અનુભવ કરીને પ્રતીત થવામાં, જેને વ્યવહારના જ્ઞાન અને વ્યવહારશ્રદ્ધાની પણ અપેક્ષા નથી એવો જ એ આત્મા છે. વ્યવહાર હો ભલે, પણ આત્માનું જ્ઞાન અતીન્દ્રિયથી થાય. પછી પણ ઇંદ્રિયથી સાંભળવાનું હોય, ઇંદ્રિયથી જ્ઞાન થાય, મહાવ્રતના પરિણામ હોય છતાં એ રાગ છે તેનાથી આત્માની શુદ્ધિ, વૃદ્ધિ થાય એમ ત્રણ કાળમાં નથી.

ધૂમાડા દ્વારા આગનું જેમ ગ્રહણ એટલે કે જ્ઞાન થાય તેમ લિંગ દ્વારા ઇન્દ્રિયગમ્ય દ્વારા એટલે કે ઇન્દ્રિયોથી જણાવાયોગ્ય ચિહ્ન દ્વારા આત્મા જાણવામાં આવે એવી ચીજ નથી. ઇન્દ્રિયથી જે સાંભળવું ને વાંચવું થયું એ જ્ઞાનથી જણાય એવો એ આત્મા નથી. આહાહા! મુનિઓ તો ભગવાનનો જે માલ છે તે આડતિયા તરીકે આપે છે. મુનિઓ પોતે ભગવાન સ્વરૂપ જ છે.

ઇન્દ્રિય દ્વારા જણાય એવા ચિહ્ન દ્વારા જેનું જાણવું થતું નથી તે અલિંગગ્રહણ છે. કોઈ કહે કે મનુષ્યની નાડી (Pulse) ઉપરથી ડોકટરો જાણે છે કે આ જીવ છે, તે તો બરાબર છે ને? તો કહે છે કે નાડી દ્વારા, તેના થડકારા દ્વારા જીવ ગયો નથી તે જણાય છે ને નાડી પકડાય નહિ એટલે જીવ નીકળી ગયો લાગે છે એમ કહે પણ અંદર જીવ શું છે, કેવો છે, કોણ છે તે તેના દ્વારા જણાય એવો નથી. કોઈ કહે કે મનુષ્યપણું મળ્યું છે તેથી મનુષ્યપણાથી આત્માનું જ્ઞાન થાય–તો તે વાત ખોટી છે. મનુષ્યપણાની ગતિ છે માટે તેમાં તેને લઈને સમ્યગ્દર્શન થાય–તે વાત ખોટી છે. મનુષ્યપણામાં પ્રોફેસર આદિ થઈ સંસ્કૃત વગેરે ભણી શાસ્ત્રોના અર્થ કરી શકાય તેમ કહે છે પણ તે ઇન્દ્રિયથી કરેલા અર્થો છે, તે સમ્યગ્જ્ઞાન નથી. અંદર આનંદનો નાથ છે તેના જ્ઞાનથી તેણે આત્મા જાણ્યો નથી. ઝીણી વાતો છે. ભાઈ! અમૃતચંદ્રાચાર્ય મહારાજે અદ્‌ભુત ટીકા કરી છે, એક અલિંગગ્રહણ શબ્દના વીસ જુદા જુદા અર્થ કરે છે, અક્ષરો ફક્ત છ જ પણ અર્થ વીસ કર્યાં છે.

બીજી રીતે કહીએ તો ઇન્દ્રિયનું જે જ્ઞાન છે તે ઇન્દ્રિયના ચિહ્નથી જણાય કે આ ઉઘાડ છે, પણ તેનાથી આત્મા જણાય એવો નથી. શરૂઆતમાં નાસ્તિથી ન જણાય, ન જણાય એમ કથન કરે છે, પછી કેમ જણાય એનું કથન આવશે. ઇન્દ્રિયથી ચિહ્ન જણાય કે આને બોલતા બહુ આવડે છે, ધારા પ્રવાહ એવી વાત કરે છે કે લોકો વાહ! વાહ! પોકારી ઉઠે છે પણ ઇન્દ્રિયના એ ચિહ્નથી આત્મા આવો છે એમ જણાતું નથી. કોઈ પૂછે કે તો અમારે સાંભળવું કે ન સાંભળવું? –તેને કહે છે કે સાંભળવાનો વિકલ્પ હોય છે પણ તે વિકલ્પ અને સાંભળવાથી થતાં જ્ઞાન દ્વારા આત્મા જણાય એવો નથી. સાંભળે તેમાં વિકલ્પ–શુભરાગ છે, અને તે વખતે જ્ઞાનનો જે પર્યાય થાય છે તેમાં શબ્દો નિમિત્ત છે અને એ જ્ઞાન થાય છે તે શબ્દનું જ્ઞાન છે એ આત્માનું જ્ઞાન નહિ. શ્રી સમયસાર શાસ્ત્રના બંધ અધિકારમાં કહ્યું છે કે જે કાંઈ શાસ્ત્રજ્ઞાન છે તે શબ્દનું જ્ઞાન છે તેને શબ્દશ્રુત કહ્યું છે. કેમ કે જે જ્ઞાનમાં શબ્દનો આશ્રય છે, જે જાણવામાં શબ્દનો આશ્રય છે, તેથી તે જ્ઞાનને શબ્દશ્રુત કહ્યું છે, તે આત્મજ્ઞાન નહીં. ભાઈ! આને સાંભળનારા જ થોડા હોય. આ તો ત્રણલોકના નાથ, જિનેન્દ્રદેવ, પરમાત્મા એની દિવ્યધ્વનિમાં આવેલા શાસ્ત્રો, એની આ રચના શાસ્ત્રોમાં આવી છે. શ્રી બનારસીદાસ રચિત બનારસીવિલાસ નામનું પુસ્તક છે તેમાં આમ કહ્યું છે કેઃ–

मुख ओमकार धुनि सुनि अर्थ गणधर विचारे, रची आगम उपदेश भविक जीव संशय निवारें।

ભગવાનને આપણા જેવી વાણી ન હોય, કંઠ હલે નહિ, હોઠ હાલે નહિ ને ઓમધ્વનિ

અંદરથી ઊઠે, તેને સંતોના ટોળાના અગ્રણી, ચાર જ્ઞાનના ધણી, ચૌદ પૂર્વની લબ્ધિ-યુક્ત એવા ગણધરો શાસ્ત્ર રચે, તેને સાંભળી લાયક જીવો સંશય-મિથ્યાત્વ નિવારે-નાશ કરે. ભગવાનને જાણવામાં જે આવ્યું છે તેના અનંતમાં ભાગે વાણીમાં આવે છે, અને વાણીમાં જે આવ્યું તે સમજનારને પણ અનંતમા ભાગે જણાય.

આ ભગવાન આત્મા જ્ઞાનનો સમુદ્ર છે જેમાં જ્ઞાનસાગર ઉછળે છે, જાણવું જેનુ સ્વરૂપ છે, અપરિમિત સ્વભાવ જેમાં ભરેલો છે એવો જે જ્ઞાનસ્વભાવી ભગવાન તે ઈંદ્રિયના ચિહ્નથી જણાય કે એના દ્વારા આત્મા જણાય એવો આત્મા નથી. ભગવાનની વાણી સમવસરણમાં સાંભળે છે તો ઈંદ્રિયના ચિહ્નથી જણાયું કે આ ભગવાનની વાણી સાંભળે છે જેમ ધુમાડાથી અગ્નિ જણાઈ તેમ આનાથી સાંભળે છે એમ જણાયું પણ એ કાંઈ જ્ઞાન નથી. મહાવિદેહક્ષેત્રમાં અનંતવાર જન્મ્યો, જ્યાં કાયમ તીર્થંકર ભગવાન તો બિરાજે જ છે ત્યાંના કણેકણમાં મનુષ્યના અનંતભવ કર્યા છે, સમવસરણમાં અનંતવાર ગયો ને ભગવાનની વાણી સાંભળી પણ એ કાંઈ જ્ઞાન નથી, જ્ઞાનનું કારણ પણ નથી.

શ્રી કુંદકુંદાચાર્ય ભગવાન શ્રી નિયમસારશાસ્ત્રની બીજી ગાથામાં કહે છે કે આ નિયમસારશાસ્ત્ર મેં મારી ભાવના માટે બનાવ્યું છે. મંગલમ્ ભગવાન્ વીરો, મંગલમ્ ગૌતમો ગણી, મંગલમ્ કુંદકુંદાર્યો, જૈન ધર્મોઽસ્તુ મંગલમ્—એમ મંગલમ્માં જેનું સ્થાન ભગવાન પછી ત્રીજે નંબરે છે એવા કુંદકુંદાચાર્ય કહે છે કે આત્માને જે સમ્યગ્જ્ઞાન થાય કે સમ્યગ્દર્શન થાય કે સમ્યક્ચારિત્ર-નિર્મળ વીતરાગી દશા થાય તે પરમ નિરપેક્ષ છે, વ્યવહારની પરની કોઈ અપેક્ષા છે જ નહિ. તેથી નિયમસાર શબ્દ વાપર્યો છે. નિયમ એટલે મોક્ષનો માર્ગ, સાર એટલે જેને ભેદ, નિમિત્તની પણ અપેક્ષા નથી. નિયમસાર શબ્દ કેમ વાપર્યો છે તે કહેતા કહે છે કે 'વિપરીતના પરિહાર અર્થે સાર શબ્દ યોજેલ છે.'

નિયમ એટલે ભગવાન આત્મા અંદર ચિદાનંદ પ્રભુ સ્વના આશ્રયે દર્શન, જ્ઞાન, ને ચારિત્ર કરે તે નિયમ અને સાર કેમ કહ્યો કે એને વ્યવહારરત્નત્રય ને ભેદની પણ અપેક્ષા નથી. એ જ અહીં કહ્યું છે. ઈન્દ્રિય દ્વારા ચિહ્ન જણાય પણ એ દ્વારા આત્મા એનેય ન જણાય ને સાંભળનારનેય એના દ્વારા ન જણાય. એ રીતે આત્મા ઇન્દ્રિય પ્રત્યક્ષ પૂર્વક અનુમાનનો વિષય નથી. એવા અર્થની પ્રાપ્તિ થાય છે. ભગવત કુંદકુંદાચાર્યદેવની મૂળ ગાથા છે અને ટીકા શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવની છે. દિગંબર સંતો જંગલમાં વસતા હતા ને આનંદકંદમાં ઝૂલતા હતા, એમને વિકલ્પ આવ્યો કે શાસ્ત્રના અર્થ આવા થાય તો ઠીક એવો વિકલ્પ આવ્યા કરતો એ ખાતર આ ટીકા થઈ ગઈ છે.

કોઈ કહે કે 'મેં નજરે જોયું છે ને?' 'મારા કાનથી પ્રત્યક્ષ સાંભળ્યું છે ને?' તો કહે છે કે ઈન્દ્રિય પ્રત્યક્ષ પૂર્વક અનુમાનનો વિષય ભગવાન આત્મા નથી. આવું સાંભળવું વ્યવહારની રુચિવાળા લોકોને આકરું પડે છે, પણ શું થાય? તેઓ કહે છે કે નિશ્ચયથી જ થાય ને વ્યવહારથી ન થાય એમાં એકાંત થઈ જાય છે. તેને કહે છે કે નિશ્ચયથી થાય ને વ્યવહારથી ન થાય એનું નામ જ અનેકાન્ત છે, તું જે અનેકાન્ત કહે છે તે તો ફુદડીવાદ છે, એકાન્તવાદ છે. હજી તો કઈ પદ્ધત્તિથી કહેવાય છે તે પકડવું-જાણવું કઠણ પડે એને અંતરમાં અનુભવ કરવો એ તો મહા અનંત પુરુષાર્થ છે. અનંતકાળમાં અનંતવાર દિગંબર સાધુ થયો. પંચ મહાવ્રત પાળ્યા, અગિયાર અંગનાં જ્ઞાન કર્યા, પણ તેનાથી આત્મા ન જણાયો. છ ઢાળામાં કહ્યું છે કે "મુનિવ્રત ધાર અનંતવાર ગ્રૈવેક ઉપજાયો, પણ નિજ આતમજ્ઞાન બિન સુખ લેશ ન પાયો". એ પંચમહાવ્રતના પરિણામ, વ્યવહારસમિતિ-ગુપ્તિના ભાવ એ બધો આસ્રવ છે, રાગ છે, દુઃખ છે. આવા પરિણામથી નવમી ગ્રૈવેક ગયો. તેને શુકલ લેશ્યા હોય છે, શુકલ ભાવ નહીં પણ શુકલ લેશ્યા હોય છે, શુકલ લેશ્યા અભવીને પણ હોય છે. પણ આવા ભાવ તો અત્યારે હોય નહિ પણ એ શુભભાવ છે, બંધનનું કારણ છે, દુઃખરૂપ છે. આવું અનંતવાર કર્યું પણ આતમજ્ઞાન વિના લેશ સુખ ન પાયો. આત્માનું પરની અપેક્ષા વિનાનુ સીધું અતીન્દ્રિય જ્ઞાન દ્વારા જ્ઞાન કરે તેને આનંદ થાય. જ્ઞાન એને કહીયે કે જે આત્માના અવલંબને થાય અને જ્ઞાન એને કહીયે કે જેની સાથે અતીન્દ્રિય આનંદનો આસ્વાદ આવે. પંચમહાવ્રત પાળ્યા ને અગિયાર અંગ ભણ્યો તોપણ કહે છે કે એ દુઃખ હતું, પરાવલંબી જ્ઞાન એ તો દુઃખ જ હતું ને સ્વાવલંબી જ્ઞાનમાં પરાવલંબી જ્ઞાનની કોઈ અપેક્ષા નથી. એવા ભગવાન નિરપેક્ષ વસ્તુ છે અને એનું દર્શન-જ્ઞાન ને ચારિત્ર પણ પરની અપેક્ષા વિનાની ચીજ છે.

આત્મદર્શન, જ્ઞાન ને અનુભવ થાય છતાં એમાં વધુ ઠરી શકે નહિ તો એને દયા, દાન, વ્રત, તપના શુભભાવ આવે પણ એ બંધનું કારણ છે. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી એવો ભાવ આવે ખરો પણ એ ભાવથી કલ્યાણ થાય, એ ભાવથી આત્માની શુદ્ધિ વધે-એમ નથી. અતીન્દ્રિય આનંદનો ડુંગર પ્રભુ પડયો છે, એ ડુંગરમાં નજર પડતાં, જેમ ડુંગરમાંથી પાણી ઝરે તેમ અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ ઝરે તેને જ્ઞાન સમકિત ને ચારિત્ર કહીયે. આના વિના અનંત કાળ નરક નિગોદાદિના દુઃખો સહન કર્યા છે. નરકનું વર્ણન કરતાં આ રત્નકરંડ શ્રાવકાચારમાં કહ્યું છે કે નરકના અનંત ભવો કર્યા છે. ત્યાં નરકભુમિની સામગ્રી અને નારકીઓનું વિકરાળ રૂપ જેવું છે તેવું જો કોઈને એક ક્ષણ-

માત્ર પણ સ્વપ્નમાં દેખાડે તો તે ભયથી પ્રાણરહિત થઈ જાય. પચીસ વર્ષનો અબજોપતિનો રાજકુમાર હોય, તેના તે દિવસે લગ્ન હોય, લગ્નમાં કરોડો રૂપિયા ખર્ચ્યાં કર્યા હોય, એને પહેલી રાત પહેલાં સાંજે જમશેદપુરની ભઠ્ઠીમાં જીવતો નાખે, તેને જે પીડા થાય તેના કરતાં અનંતગુણી પીડા નરકના પહેલા પાઠડામાં ( પહેલી નરકમાં ) દસ હજાર વર્ષની સ્થિતિમાં છે. અરે ભગવાન! તું ક્યાં રહ્યો અને કેટલું દુઃખ સહન કર્યું તેની તને ખબર નથી. મિથ્યાશ્રદ્ધાને લઈને આવા અનંત ભવો કર્યા છે, આકરા પાપના પરિણામથી નરકમાં ગયો અને શુભ પરિણામથી સ્વર્ગમાં ગયો, એ બધી ગતિ દુઃખ છે. જન્મ્યા પછી છ બાર મહિના કેમ રહ્યો, કેવી રીતે રહ્યો તેની ખબર નથી, ખબર નથી એટલે ન હતું એમ નથી, તેમ અનંત કાળમાં અનંત ભવો કર્યા તેની અત્યારે ખબર નથી માટે નહોતા એમ નથી. નરકમાં જે દુઃખદાયી સામગ્રી છે તેનો સ્વભાવ દેખાડવા કે અનુભવ કરાવવા મધ્યલોકમાં કોઈ વસ્તુ સમર્થ નથી, તેની ઉપમા લાયક કોઈ વસ્તુ નથી. દૃષ્ટિ મિથ્યા હોવાના કારણે આ બધા ભવ થયા છે. આમ કહીને ભવના દુઃખથી ખસી જવા સમજાવે છે. બાપુ! આવા ભવના જાણપણાથી પણ તને જ્ઞાન નથી થતું. એવા દુઃખો સાંભળીને જ્ઞાન થાય એ જ્ઞાન નથી. આ તો પરમાત્મા ભગવાન એવો છે અને જિનેન્દ્ર દેવની વાણીમાં આવ્યો છે કે જે રાગ અને ઈન્દ્રિયના જ્ઞાન વિનાનું, અંતરમાં સ્વને પકડવાને જે અતીન્દ્રિય જ્ઞાન એના દ્વારા એ જણાય એવો છે, એના દ્વારા એને સમકિત થાય એવું છે અને એના દ્વારા એનું જ્ઞાન થાય એવું છે—આ રીત અને પદ્ધતિ છે. પ્રભુ! ભાઈ! તારા ભવના ત્રાસથી છોડાવવાની આ વાતો છે. સ્વર્ગમાં જશે તો ત્યાંથી મરીને તિર્યંચ ને નરકમાં જશે, આવા ભવભ્રમણ ઉભા છે. એ તો અતીન્દ્રિય જ્ઞાનની વર્તમાનદશા, વ્યવહારની ને નિમિત્તની અપેક્ષા વિનાનું જે જ્ઞાન નિર્મળ થઈને અંતરમાં જાય અને આત્મામાંથી જ્ઞાનની દશા આવે તેને અહીં સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આ રીતે આ ત્રીજો બોલ થયો, હવે ચોથા બોલનું વિવરણ આવશે. [ –ક્રમશઃ ]

[ જ્ઞાન-લક્ષણે લક્ષિત એવા....પાનું ૨૦ થી ચાલુ ]

જેનું જે લક્ષણ છે તે તેને પકડે, અને એ લક્ષણ તો પ્રગટ જ છે, તેથી તે તેને પકડે. આત્માનું લક્ષણ જ્ઞાન છે અને એ જ્ઞાન તો પ્રગટ છે તેથી એ જ્ઞાનદશાને આત્મા પ્રગટ જણાય. ત્રિકાળી ધ્રુવ વસ્તુ ચળાચળ રહિત છે તે સદા મોજૂદ છે. જગતના જીવો તમે તેનું જ અવલંબન કરો! સંતો કહે છે કે હે જગતના જીવો! જ્ઞાનલક્ષણને દ્રવ્યનું આલંબન આપો! જેની એ પર્યાય છે, જેનું એ લક્ષણ છે તેનું તેને આલંબન આપો. તેના વડે યથાર્થ જીવનું ગ્રહણ થાય છે. જ્ઞાનની પર્યાય દ્વારા અંદર જતાં આખો જીવ કેવો છે તે પકડાઈ જાય છે.

# જ્ઞાન-લક્ષણે લક્ષિત એવા આત્માનું જ અવલંબન કરો!

શ્લોકાર્થઃ—અજીવ બે પ્રકારે છે—વર્ણાદિસહિત અને વર્ણાદિરહિત; માટે અમૂર્તપણાનો આશ્રય કરીને પણ જીવના યથાર્થ સ્વરૂપને જગત દેખી શકતું નથી;—આમ પરીક્ષા કરીને ભેદજ્ઞાની પુરુષોએ અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ દૂષણોથી રહિત ચેતનપણાને જીવનું લક્ષણ કહ્યું છે તે યોગ્ય છે. તે ચૈતન્યલક્ષણ પ્રગટ છે, તેણે જીવના યથાર્થ સ્વરૂપને પ્રગટ કર્યું છે અને તે અચળ છે-ચળાચળતા રહિત, સદા મોજૂદ છે. જગત તેનું જ અવલંબન કરો!

[ શ્રી સમયસાર શ્લોક ૪૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

આ ભગવાન આત્મા જ્ઞાનલક્ષણે લક્ષિત છે, જ્ઞાનથી જણાય એવી વસ્તુ છે, એ રાગથી જણાય એમ નથી ને અમૂર્તપણાથી પણ જણાય એમ નથી. દયા-દાનના વિકલ્પથી આત્મા ન જણાય, કેમ કે એ વિકાર છે, વિકાર જીવની બધી અવસ્થાઓમાં વ્યાપતા નથી. વળી અમૂર્તપણાથી પણ આત્મા ન જણાય, કેમ કે એ તો બીજા દ્રવ્યનું પણ લક્ષણ છે. તેથી જ્ઞાનલક્ષણ દ્વારા એ જણાશે. એ લક્ષણ દ્વારા તને આત્માનો અનુભવ થશે. આમ પરીક્ષા કરીને ધર્મની પ્રથમ શરૂઆતવાળા ભેદજ્ઞાની-ઓએ અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ દોષથી રહિત ચેતનપણાને જીવનું લક્ષણ કહ્યું તે યોગ્ય જ છે.

જાણન જાણન જાણન—એ ચૈતન્યતત્ત્વનું લક્ષણ છે, એ જ્ઞાનના લક્ષણ વડે આત્માનું લક્ષ કરીને અનુભવ થઈ શકે. જ્ઞાન તે આત્મા એમ લક્ષણથી લક્ષને પકડે તો સમ્યગ્દર્શન થઈ શકે. દયા-દાન-વ્રત-ભક્તિ એ કાંઈ આત્માનું લક્ષણ નથી. રાગ છે એ તો અવ્યાપ્તિ દોષ સહિત છે અર્થાત્ આત્માની દરેક અવસ્થામાં—પૂરણ વીતરાગ

દશામાં રાગ હોતો નથી, તેથી તેના વડે એટલે કે દયા-દાન આદિ વડે આત્મા જાણી શકાતો નથી.

ચૈતન્યના જ્ઞાનના પરિણામથી ત્રિકાળી ચૈતન્ય છે તેને જાણી શકાય છે. તેનું નામ ધાર્મિક ક્રિયા છે. ચેતનલક્ષણ વડે ચૈતન્યને પકડવો તે ધાર્મિક ક્રિયા છે. આત્મા રાગથી ન જણાય, અમૂર્તપણાથી ન જણાય પણ જ્ઞાનલક્ષણ વડે જણાય એ બરાબર વ્યાજબી છે. ભાઈ! પ્રભુ! તું કોણ છો ?—કે જ્ઞાનની ક્રિયાથી જણાય એવો તું છો. લક્ષણ એને કહીએ કે જે સર્વ અવસ્થામાં હોય, રાગ સર્વ અવસ્થામાં નથી તેથી તે તારું લક્ષણ નથી માટે તેના વડે તું જણાય એવો નથી. જ્ઞાન લક્ષણ તારી સર્વ અવસ્થામાં વ્યાપે છે તેથી તે તારું લક્ષણ છે, તેના વડે તું જણાય એવો છો નાથ!

વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વરનો માર્ગ કોઈ અપૂર્વ છે. પ્રભુ કહે છે કે પ્રભુ તો જ્ઞાનનો ગાંઠડો છે—કે જેમાંથી અનંત અનંત કેવળજ્ઞાન પ્રગટે તોપણ ખૂટે નહીં એવો જ્ઞાનનો કંદ-મૂળ છે. એ જ્ઞાન લક્ષણ દ્વારા આત્મા જાણી શકાય છે. એ ચૈતન્યલક્ષણ પ્રગટ છે. આત્મા અજાયબઘર છે, વર્તમાનજ્ઞાનથી તે જણાય પણ જે જણાય છે એ તો અનંત ને અમાપ છે. ઇંદ્રિય ને તેના વિષયનું લક્ષ છોડી, મન ને તેના વિષયનું લક્ષ છોડી, ચૈતન્યસ્વભાવી પ્રભુને ચેતનલક્ષણ વડે જોવે તો ચૈતન્ય જણાય. ચૈતન્યલક્ષણ—જ્ઞાનની પર્યાય પ્રગટ છે, તેના વડે સ્વને જોશે તો તે જણાશે.

ભાઈ! તું તને પકડીને અનુભવી કયારે શકીશ ?—કે જ્ઞાનના લક્ષણ વડે જ્ઞાનસ્વભાવીને પકડીને અનુભવી શકીશ. બાકી લાખો-કરોડો રૂપિયાના દાન કરવાથી આત્મા પકડી નહીં શકાય. ત્યારે દાન કરવું કે નહીં ?—ભાઈ! એ ભાવ હોય, પણ તેનાથી આત્મા જણાય કે આત્માની પ્રાપ્તિ થાય એ વાત નથી.

જાણવાની જે દશા પ્રગટ છે એ ચૈતન્યલક્ષણે ચૈતન્યના યથાર્થ સ્વરૂપને પ્રગટ કર્યું છે. જ્ઞાનની પર્યાયને અંતરમાં વાળતાં ચૈતન્યબિંબનો તેને અનુભવ થાય છે તેથી ચૈતન્યના યથાર્થ સ્વરૂપને જ્ઞાને પ્રગટ કર્યું છે. જ્ઞાનલક્ષણ વડે 'આ ચીજ આ છે' એમ પ્રગટ કરે છે. દેવ-ગુરુની ભક્તિ એ રાગ છે, તેના વડે વસ્તુ પ્રગટ નહીં થાય. સાક્ષાત્ તીર્થંકરની ભક્તિ એ રાગ છે, તેના વડે આત્મા નહીં જાણી શકાય. પરંતુ રાગ રહિત અંદર જે જ્ઞાન છે તે જ્ઞાનલક્ષણ વડે જીવ પ્રગટ જણાશે.

દેવ-ગુરુની ભક્તિ એ તો રાગ છે, પર તરફનું વલણ છે, સ્વ-તરફનું વલણ નથી. ચૈતન્યનું વલણ ચૂકવવું હોય તો જ્ઞાનલક્ષણ વડે ચૂકવાશે. જેમ આંખ ઉઘાડે

તો બાહ્ય વસ્તુ દેખાય ને? તેમ જ્ઞાનનેત્ર ઉઘાડે તો આત્મા દેખાય. ? હું દેખાતો નથી—એ શેમાં નિર્ણય કર્યો ?—એ જ જ્ઞાન છે.

ભગવાન આત્મા ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ છે ને તેની વર્તમાન પર્યાયમાં પણ જ્ઞાન અંશ પ્રગટ છે, તેના વડે ત્રિકાળીનું લક્ષ કરી તેને પકડ, તેના વડે અનુભવ થઈ શકશે. કેમ કે જ્ઞાન એ એનું વાસ્તવિક લક્ષણ છે. જાણવાની અવસ્થા પ્રગટ છે. આ રાગ છે, આ શરીર છે, આ સ્ત્રી છે આદિ જાણે છે કોણ?—કે જ્ઞાનની પર્યાય. અને તે પર્યાય કાંઈ પરનું લક્ષણ નથી, જાણનારનું એ લક્ષણ છે. રાગનું જ્ઞાનલક્ષણ નથી ને જ્ઞાનનું રાગલક્ષણ નથી.

સંતો એમ જાહેર કરે છે પ્રભુ! તું તને જાણી શકે છો. જ્ઞાનની પર્યાયથી તું તને જાણી શકે છો. જ્ઞાન પરને જાણવાનું કામ કરે છે. એ જ્ઞાન કાંઈ પરનું લક્ષણ નથી માટે એ જ્ઞાન જેનું લક્ષણ છે ત્યાં જ્ઞાનને વાળ તો જ્ઞાનસ્વરૂપ આત્મા પ્રગટ દેખાશે. જાણવાના પરિણામથી આત્મા જણાશે ને એ અવસ્થા પ્રગટ છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે, તેનો વ્યક્ત પર્યાય પ્રગટ છે, એ પ્રગટ અંશ દ્વારા જે શક્તિરૂપ જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે તે પ્રગટ જણાશે.

ચૈતન્યલક્ષણ પ્રગટ છે ને એ પ્રગટ પર્યાયથી તું તેને જાણ તો ચૈતન્ય પ્રગટ જણાશે. પ્રભુ! તું રાગથી તો નહીં જણાય, કેમ કે એ તારું લક્ષણ નથી. તું અમૂર્ત છો પણ અમૂર્તપણું તો બીજા દ્રવ્યોમાં પણ છે, તેથી તેનાથી તું તને ભિન્ન નહીં પાડી શકે. જ્ઞાનલક્ષણ વડે તું તને જાણી શકીશ, અને એ ચૈતન્યલક્ષણ પ્રગટ છે. એ પ્રગટ ચૈતન્યલક્ષણ વડે તું આત્માને જાણ તો તને આત્મ અનુભવ પ્રગટ થશે.

જ્ઞાનની જે પ્રગટ દશા છે, જે વ્યક્ત છે, તે વર્તમાન પર્યાય વડે દ્રવ્યને પકડ તો 'આવું દ્રવ્ય છે'—એમ જ્ઞાનની દશામાં પ્રગટ જણાશે. જે ઉપયોગથી આત્મા પકડાય એ ઉપયોગ કરે છે કયાં!—સ્થૂળ ઉપયોગથી આત્મા પકડાય નહીં, સૂક્ષ્મ ઉપયોગથી પકડાય ને સૂક્ષ્મ ઉપયોગ તો તું કરતો નથી તેથી કયાંથી જણાય?

જેનું જે લક્ષણ છે એ તો પ્રગટ છે. ચૈતન્યદ્રવ્યનું લક્ષણ જે જ્ઞાનપર્યાય છે તે તો પ્રગટ છે. હવે એ પર્યાયને ચૈતન્ય તરફ વાળી દે તો ચૈતન્ય પણ પ્રગટ જણાશે. પ્રભુ! તારું લક્ષણ તો પ્રગટ છે ને? એ વ્યક્ત લક્ષણ વડે ગુપ્ત વસ્તુને પકડીશ તો વસ્તુ પ્રગટ થશે. આ કરવાનું છે, બાકી બધું તો થોથા છે. જ્ઞાનની પર્યાય લક્ષણ છે ને તેના વડે લક્ષ્યને પ્રગટ કરી શકે છે, છતાં લક્ષ્ય વસ્તુ કાંઈ પર્યાયમાં આવતી નથી, પણ વસ્તુનું સામર્થ્ય કેટલું છે એ પ્રગટ પર્યાયમાં ભાસે છે.

[ અનુસંધાન પાનું...૧૭ ]

# ક્રમબદ્ધપર્યાય

## કેટલાક પ્રશ્નોત્તર

[ દ્વિતીય ખંડ ]

આજના આ બહુચર્ચિત વિષય 'ક્રમબદ્ધપર્યાય'ની વિસ્તૃત ચર્ચા ઉપરાંત પણ કેટલીક શંકાઓ, આશંકાઓ અને પ્રશ્નો ઊપસ્થિત કરવામાં આવી રહ્યા છે.

ગત એક વર્ષથી આત્મધર્મના સંપાદકીય લેખો અને પ્રવચનોના માધ્યમ દ્વારા ક્રમબદ્ધપર્યાયની ચર્ચા સતત ચાલતી રહી છે. આ 'ક્રમબદ્ધ' વર્ષ (ઈસ્વીસન્ ૧૯૭૯)માં એનો પ્રચાર અને પ્રસાર પણ ઘણો થયો છે. તેથી અનેકાનેક અભ્યાસી આત્માર્થી બંધુઓ તરફથી પણ કેટલાક સ્પષ્ટીકરણ ઇચ્છતા પ્રશ્નો નિરંતર આવતા રહ્યા છે.

જો કે 'ક્રમબદ્ધપર્યાય : એક અનુશીલન'માં ઘણુંખરૂં સ્પષ્ટીકરણ આવી ગયું છે તોપણ વિષયના સર્વાંગીણ સ્પષ્ટીકરણ માટે તેમના ઉપર પણ વિચાર કરી લેવો અસંગત નહિ ગણાય.

આ જ ભાવનાથી કેટલાક મહત્ત્વપૂર્ણ પ્રશ્નોત્તર અહીં આપવામાં આવ્યા છે. વિષયનું પુનરાવર્તન ન થાય અને સર્વ સંભવિત પ્રશ્નોના ઉત્તર પણ આવી જાય–એ દૃષ્ટિએ આવેલા પ્રશ્નોને તે જ સ્વરૂપે ન રાખતા બધા સંભવિત પ્રશ્નોને ધ્યાનમાં લઈને આ પ્રશ્નોત્તરમાળાને વ્યવસ્થિત રૂપ આપવું ઉચિત લાગ્યું. તે પ્રમાણે કેટલાક મહત્વપૂર્ણ પ્રશ્નોત્તર અહીં આપવામાં આવ્યા છેઃ—

(૧) પ્રશ્ન :- સમયસાર ગાથા ૩૦૮ થી ૩૧૧ ની ટીકામાં આવેલ જે પંક્તિઓને 'ક્રમબદ્ધપર્યાય'ના સમર્થનમાં રજુ કરવામાં આવે છે, તેમનો આશય તો માત્ર એટલો જ છે કે જીવ, અજીવ નથી અને અજીવ જીવ નથી. તેમાં તો માત્ર બે દ્રવ્યોની ભિન્નતા બતાવી છે, તેમાંથી પર્યાયો ક્રમબદ્ધ જ થાય છે— એ વાત ક્યાં નીકળે છે?

ઉત્તર :- ઉક્ત પંક્તિઓમાં બે દ્રવ્યોની માત્ર ભિન્નતા સિદ્ધ નથી કરવામાં આવી, પરંતુ સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે "જીવ ક્રમનિયમિત પોતાના પરિણામોથી ઉત્પન્ન થતો થકો જીવ જ છે, અજીવ નથી; એ જ રીતે અજીવ પણ પોતાના ક્રમ-નિયમિત પરિણામોથી ઉત્પન્ન થતું થકું અજીવ જ છે, જીવ નથી".

અહીં બે દ્રવ્યોની ભિન્નતાની સાથે સાથે દ્રવ્યોના પરિણમનની વ્યવસ્થા પણ બતાવવામાં આવી છે. સાથે જ એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનો કર્તા-હર્તા નથી, પ્રત્યેક દ્રવ્ય પોતાના પરિણમનનો કર્તા-હર્તા પોતે છે અને તે

પરિણમન પણ અવ્યવસ્થિત નથી, નિયમિત છે, નિયમિત જ નહિ, પરંતુ એક નિશ્ચિત ક્રમમાં નિયમિત અર્થાત્ બંધાયેલું છે, પૂર્ણ વ્યવસ્થિત અને નિશ્ચિત છે.

આથી વધારે સ્પષ્ટ કરીએ તો એમાં જીવને અકર્તા સિદ્ધ કરવામાં આવ્યો છે, જેમ કે ગાથાની ઉત્થાનિકા અને ટીકાની અંતિમ પંક્તિથી સ્પષ્ટ છે કે જે-આ રીતે છેઃ—

"अथात्मनोऽकर्तृत्वं दृष्टान्तपुरस्सरमाख्याति ।
હવે આત્માનું અકર્તૃત્વ દૃષ્ટાંતપૂર્વક સિદ્ધ કરે છે."

"अतो जीवोऽकर्ता अवतिष्ठते ।
તેથી જીવ અકર્તા સિદ્ધ થાય છે."

જીવથી અજીવની ભિન્નતા તો જીવાજીવાધિકારમાં જ સ્પષ્ટ કરી દીધી હતી, સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં તેની ચર્ચાની શી આવશ્યકતા હતી? અહીં તો જીવ પોતાના ક્રમનિયમિત પરિણામોથી સ્વયં પરિણમતો-બદલતો થકો પણ એટલો બદલી નથી જતો કે તે અજીવ થઈ જાય- એ વાત કહેવામાં આવી છે. તેના બદલવાની પણ એક સીમા છે, તે પોતાનામાં જ બદલી શકે છે. બદલાઈને પણ પોતાનારૂપે જ રહે છે, પરરૂપે થતો નથી; પર-પદાર્થ પણ તે રૂપ નથી થતા.

જે જ્ઞાનગુણ અત્યારે કુમતિજ્ઞાનરૂપ છે, તે બદલીને પછીની ક્ષણે સુમતિજ્ઞાન થઈ શકે છે, સુમતિજ્ઞાનમાંથી બદલાઈને પછીની ક્ષણે કેવળજ્ઞાનરૂપ થઇ શકે છે; પણ એવું કદી બની શકતું નથી કે તે રસરૂપે થઈ જાય, રંગરૂપે થઈ જાય અથવા સુખરૂપ થઈ જાય. પર્યાયના પલટાની પણ એક મર્યાદા છે, અને તે પણ નિયમિત છે; તે આપણી ઈચ્છાનુસાર નહિ પણ પોતાના નિશ્ચિત ક્રમાનુસાર બદલે છે. એ વાત અહીં સ્પષ્ટ કરવામાં આવી છે.

એક દ્રવ્ય બીજાનું કાંઈ પણ પરિણમન નથી કરતું, કરે તો તે તે રૂપે થઈ જાય અર્થાત જ્યારે તે તે રૂપે થાય ત્યારે તે તેને પરિણમાવી શકે, અન્યથા નહિ. અજીવને પરિણમાવવા-બદલાવવા માટે જીવને અજીવરૂપ થવું પડશે. જ્યારે તે સ્વયં અજીવરૂપ થાય, ત્યારે તે અજીવના પરિણામનો કર્તા થઈ શકે છે અને એમ કદી થતું નથી. તેથી એ સિદ્ધ થયું કે જીવ પોતાના ક્રમનિયમિત પરિણામોમાં પરિણમતો-બદલતો થકો જીવ જ રહે છે, અજીવ થઈ જતો નથી.

બીજી વાત એ છે કે જોકે જીવ પોતાના પરિણામોનો કર્તા છે, તોપણ તે કરવાનો કાંઈ ભાર તેના માથે નથી, કેમ કે તે પરિણમન પણ સહજ થાય છે અને પોતાના

નિયમિત ક્રમમાં થાય છે. એ જ વાત અહીં સ્પષ્ટ કરવામાં આવી છે. પુદ્ગલાદિ અજીવ દ્રવ્યો પોતાના પરિણમનનો કોઈ બોજો રાખતા નથી, તો શું તેમનું પરિણમન અટકી જાય છે. જો ના, તો પછી જીવ જ પોતાના માથે બોજો શા માટે રાખે ?

પરિણમનને નિશ્ચિત બતાવીને દ્રવ્ય-ગુણનો કોઈ અધિકાર ઘટાડવામાં આવ્યો નથી પરંતુ બોજો દૂર કર્યો છે, કારણ કે તે પોતાના પરિણામનો અધિકારી કર્તા અને ભોક્તા તો છે જ.

વાસ્તવમાં વાત તો એમ છે કે જેવી રીતે દ્રવ્ય સત્ છે, ગુણ સત્ છે; તેવી જ રીતે પર્યાય પણ સત્ છે.

દ્રવ્ય અને ગુણોના વિષયમાં આપણા બધાનો વિશ્વાસ છે કે તેમનામાં કોઈ ફેરફાર સંભવિત નથી, તેથી તેમને બદલવાનો આપણને વિકલ્પ પણ ઉઠતો નથી, પણ પરિણમનશીલ હોવાથી પર્યાયના સંબંધમાં જગતની કાંઈક એવી ધારણા છે કે તેમાં ફેરફાર કરી શકાય છે, તેથી તેમાં ફેરફાર કરવાની બુદ્ધિ થાય છે.

દ્રવ્ય-ગુણની સાથે પર્યાય પણ સ્વસમયનું સત્ છે-તેમાં પણ પોતાની ઈચ્છાનુસાર કોઈ ફેરફાર કરી શકાતો નથી. જ્યારે આપણને એ વિશ્વાસ થઈ જશે ત્યારે તેમાં ફેરફાર કરવાની બુદ્ધિ પણ નહિ રહે.

પર્યાય પણ સ્વકાળનું સત્ છે, અચલા છે, પાર્વતી છે, સતી છે—આદિ વિસ્તારથી સ્પષ્ટ કરવામાં આવી ગયું છે. તેથી અહીં વિસ્તાર કરવો યોગ્ય નથી. છતાં પણ જે લોકો પર્યાયને પોતાની ઈચ્છાનુસાર બદલવા ચાહે છે, તેમને અમે પૂછીએ છીએ કે પર્યાયોના અનાદિ-અનંત પ્રવાહક્રમમાં તેઓ ભૂતકાળની પર્યાયો બદલવા ચાહે છે કે વર્તમાનની કે ભવિષ્યની ?

ભૂતકાળની પર્યાયો તો બદલી શકાતી નથી, કેમ કે તે તો પોતે બદલાઈ ગઈ છે, સમાપ્ત થઈ ગઈ છે, તેથી તેમનામાં તો ફેરફારની કલ્પના પણ કરી શકાતી નથી. હવે રહી વર્તમાન અને ભવિષ્યની પર્યાયો. વર્તમાન પર્યાય પણ થઈ જ રહી છે, તેમાં પણ શું કરી શકાય છે?

આ બાબતમાં જો કર્તૃત્વના અહંકારથી ગ્રસ્ત કોઈ અજ્ઞાની કહે કે વર્તમાન પર્યાયમાં કાંઈ કેમ કરી શકાતું નથી? લ્યો, હું એને હમણા જ ઉખાડી નાખું છું. તેને કહીએ છીએ ભાઈ! જરા વિચાર તો કરો, તે ઉત્પન્ન તો થઈ જ ગઈ છે, તેથી તેને ઉત્પન્ન થતાં રોકવાનું તો સંભવ નથી. હવે રહી વાત ઉખાડી નાખવાની, તો ભાઈ,

તેનો કાળ જ એક સમયનો છે. એક સમય પછી તે પોતે ઉખડી જવાની છે, તેમાં તમારૂં શું કામ છે?

બીજી વાત એ પણ છે કે આપણા ક્ષયોપશમ જ્ઞાનમાં તે પર્યાય ઉત્પન્ન થયાના અસંખ્ય સમય પછી આવે છે. જ્યાં આપણે તેને ઉખાડી નાખવાનું વિચારીએ ત્યાં સુધીમાં તો ક્યારનીય ઉખડી ગઈ હશે.

આ બાબતમાં જો તે કહે કે ભલે ભૂતકાળ અને વર્તમાન કાળની પર્યાયો નહીં, ભવિષ્યની પર્યાયો તો આપણે બદલી જ શકીએ છીએ.

તેમને કહીએ છીએ કે ભવિષ્યની પર્યાયો અત્યારે છે જ ક્યાં-કે આપ તેને બદલો?

આમાં જો એમ કહેવામાં આવે કે ભવિષ્યમાં ખરાબ પર્યાયો નહીં આવવા દઈએ, સારી સારી પર્યાયો લાવીશું; તો એ પ્રશ્ન ઉભો થશે કે કઈ પર્યાય સારી છે, કઈ ખરાબ-એનો નિર્ણય કોણ કરશે? विभिन्न रुचयः हि लोकः—આ નીતિ અનુસાર સારા-નરસાનો નિર્ણય પણ અસંભવ નહીં તો કઠણ જરૂર છે.

જો કોઈ કહે કે અમે અમારી રુચિ પ્રમાણે નિર્ણય કરીશું, તેમને કહીએ છીએ કે જો આપ ફક્ત આપની જ ભાવી પર્યાયના કર્તા બનતા હોત તો વાત જુદી હતી; પણ આપ તો પરપદાર્થોની પણ પર્યાયો પોતાને અનુકૂળ બદલવા ચાહો છો; તેમાં ઇષ્ટ-અનિષ્ટનો નિર્ણય માત્ર આપની જ ઇચ્છાથી કેવી રીતે થશે? જગતમાં અન્ય પ્રાણીઓ પણ છે, તેમની ઈચ્છાના વ્યાઘાતનો પ્રસંગ અવશ્ય આવશે.

બીજું શું આપને ખબર છે કે ભવિષ્યમાં અમુક પર્યાય થવાની છે જેથી આપ એ નિર્ણય કરી શકો કે અમુક પર્યાય બદલીને હું અમુક પર્યાય લાવીશ. જો ના, તો પછી એ અહંકાર જૂઠો જ સાબિત થયો કે મેં આમ ન થવા દીધું અને આમ કર્યું, કેમ કે જે કાર્ય સંપન્ન થયું છે-તે થવાનું નહોતું, બીજું થવાનું હતું-એનો નિર્ણય કેવી રીતે થશે? બની શકે કે તે જ થવાનું હોય, જેને આપ કહો છો કે મેં આમ કર્યું છે.

ખૂબ મહેનત કરીને પણ ભવિષ્યમાં પર્યાયો ફેરફાર કરવાની વાત સિદ્ધ કરી શકવી શક્ય નથી, તેથી વ્યર્થ પ્રયાસથી શો લાભ?

અંતે એમ સ્વીકારવું જ શ્રેષ્ઠ છે કે પ્રત્યેક દ્રવ્ય ક્રમનિયમિત પોતાના પરિણામોથી ઉત્પન્ન થતું થકું નિજરૂપ જ રહે છે, પરરૂપ થતું નથી.

(૨) પ્રશ્નઃ- જો કોઈ કોઇને નથી પરિણમાવતું તો પછી આ પરિણમન થાય છે કેવી રીતે, એને કોણ કરી જાય છે? જો કદી આ પરિણમન અટકી જાય તો? અથવા કદી ધીરે ધીરે થાય અને કદી ઝડપથી-એનો નિયામક કોણ થશે?

ઉત્તર: —પ્રત્યેક દ્રવ્ય સ્વયં પરિણમનશીલ છે, ધ્રુવતાની જેમ પરિણમન પણ તેનો સ્વભાવ છે, તેને પોતાના પરિણમનમાં પરની રંચમાત્ર પણ અપેક્ષા નથી, કેમ કે સ્વભાવ પર-નિરપેક્ષ જ હોય છે. આ પરિણમન કદી અટકી જાય-એનો પ્રશ્ન જ ઉત્પન્ન થતો નથી, કેમ કે પરિણમન પણ એનો નિત્ય સ્વભાવ છે. અર્થાત નિત્ય પરિણમનશીલતા પ્રત્યેક દ્રવ્યનો સહજ સ્વભાવ છે. જલ્દી અને મોડું થવાની પણ કોઈ સમસ્યા નથી. કેમ કે પ્રત્યેક પર્યાય એક સમયની જ હોય છે. કોઈ પર્યાયનો બે સમય રોકાવાનો પ્રશ્ન જ નથી ઉઠતો અને એક સમય પહેલાં સમાપ્ત થવાનો પણ પ્રશ્ન સંભવ નથી.

હવે રહી વાત એ કે આ બધું કોણ કરે છે? તે સબંધમાં વાત એ છે કે પ્રત્યેક દ્રવ્યમાં અનંત શક્તિઓ પડી છે, નિરંતર ઉલ્લસિત થઈ રહી છે. તેમના દ્વારા જ આ બધું સહજ થયા કરે છે.

(૩) પ્રશ્ન:-તે અનંત શકિતઓ કઈ કઈ છે, જેમના દ્વારા આ બધું થાય છે?

ઉત્તર:-શું અનંત પણ ગણાવી શકાય છે?

(૪) પ્રશ્ન:-કેટલીક તો બતાવો?

ઉત્તર:-ભાવશક્તિ, અભાવશક્તિ, ભાવાભાવશક્તિ, અભાવભાવશક્તિ, ભાવભાવશક્તિ, અભાવાભાવશક્તિ આદિ.

(૫) પ્રશ્નઃ-પર્યાયોના ઉત્પાદ અને નાશમાં આ શક્તિઓનો શો ફાળો છે? કૃપા કરીને સંક્ષેપમાં સમજાવો.

ઉત્તરઃ-પ્રત્યેક દ્રવ્યમાં એક એવી શક્તિ છે જેને કારણે દ્રવ્ય પોતાની વર્તમાન અવસ્થાથી યુક્ત થાય છે, અર્થાત્ તેની નિશ્ચિત અવસ્થા થાય જ છે, જેને ભાવશક્તિ કહે છે.[1] પ્રત્યેક દ્રવ્યમાં એક એવી પણ શક્તિ હોય છે જેને કારણે વર્તમાન અવસ્થાથી જુદી અન્ય કોઈ અવસ્થા નથી હોતી, આ શક્તિનું નામ અભાવશક્તિ છે.[2]

---

૧ भूतावस्थत्वरूपा भावशक्तिः। સમયસાર આત્મખ્યાતિ ટીકા, પરિશિષ્ટ પૃ.૫૯૦

૨ शून्यावस्थत्वरूपा अभावशक्तिः। તે જ

ઉક્ત બન્ને શક્તિઓના કારણે પ્રત્યેક દ્રવ્યની પ્રતિસમય સુનિશ્ચિત પર્યાય જ થાય છે, અન્ય નહીં.

( ૬ ) પ્રશ્નઃ–પર્યાયને સ્વસમયમાં કોણ લાવે છે? અને એક સમય પછી કોણ દૂર કરે છે? પર્યાય સ્વસમયમાં આવી જ જાય અને પછીના સમયે ખસી જાય–એનો નિયામક કોણ છે? જો પર્યાય સ્વસમયમાં ન આવે તો તેને કોણ લાવે અને એક સમય પછી પણ ન ખસે તો કોણ ખસેડે? આવી સ્થિતિમાં કાં તો દ્રવ્ય પર્યાયથી ખાલી થઈ જશે અથવા એક સમયમાં બબ્બે પર્યાયો આવી જશે.

ઉત્તર :– એની આપ ચિંતા ન કરો. એમ કદી નહીં થાય કેમ કે પ્રત્યેક દ્રવ્યમાં એક એવી પણ શક્તિ છે જેના કારણે વર્તમાન પર્યાયનો નિયમથી આગામી સમયમાં અભાવ થઈ જશે. તે શક્તિનું નામ છે ભાવાભાવશક્તિ.[1] તથા એક શક્તિ એવી પણ છે જેના કારણે આગામી સમયમાં થનારી પર્યાય નિયમથી ઉત્પન્ન થશે જ. આ શક્તિનું નામ છે અભાવભાવશક્તિ.[2]

જે પર્યાય જે સમયે થવાની છે, તે પર્યાય તે સમયે નિયમથી થશે જ, એવી પણ એક શક્તિ પ્રત્યેક દ્રવ્યમાં છે જેનું નામ છે ભાવભાવશક્તિ.[3] તથા એક શક્તિ એવી પણ છે કે જેના કારણે જે પર્યાય જે સમયે નથી થવાની, તે નિયમથી નહિ થાય, તે શક્તિનું નામ છે અભાવાભાવશક્તિ.[4]

ઉક્ત છ શક્તિઓનું સ્વરૂપ એ સુનિશ્ચિતપણે સિદ્ધ કરે છે કે જે દ્રવ્યની, જે પર્યાય, જે સમયે પોતાના ઉપાદાન અનુસાર જેવી થવાની હોય છે; તે સ્વયં નિયમથી તે જ સમયે, તેવી જ થાય છે તેમાં પરની રંચમાત્ર પણ અપેક્ષા રહેતી નથી.

સર્વશ્રેષ્ઠ દિગંબરાચાર્ય કુંદકુંદના પ્રસિદ્ધ પરમાગમ સમયસારની આચાર્ય અમૃતચન્દ્રકૃત આત્મખ્યાતિ ટીકાના અંતે પરિશિષ્ટમાં આવેલ ૪૭ શક્તિઓ ઉપર શ્રી કાનજીસ્વામીના વિસ્તૃત પ્રવચન 'આત્મપ્રસિદ્ધિ' નામે હિન્દીમાં અને 'આત્મવૈભવ' નામે ગુજરાતીમાં પ્રકાશિત થયા છે – વિશેષ જિજ્ઞાસા ધરાવનાર આત્માર્થી બંધુઓએ પોતાની જિજ્ઞાસા ત્યાંથી શાન્ત કરવી જોઈએ. અહીં તેમની વિસ્તૃત ચર્ચા માટે ન તો અવકાશ છે અને ન તે ન્યાયસંગત છે. ( –ક્રમશઃ )

---

૧ भवत्पर्याय व्ययरूपा भावाभावशक्तिः। સમયસાર, આત્મખ્યાતિ ટીકા, પરિશિષ્ટ પૃષ્ઠ ૫૯૧
૨ अभवत् पर्यायोदयरूपा अभावभाव शक्ति : । સમયસાર, આત્મખ્યાતિ ટીકા, પરિશિષ્ટ પૃષ્ઠ ૫૯૧
૩ भवत्पर्यायभवनरूपा भावभावशक्ति : । તે જ
૪ अभवत पर्यायाभवनरूपा अभावाभावशक्ति : । તે જ

[ વડોદરાના પ્રાંગણમાં........પાનું ૧૦ થી ચાલુ ]

* તા. ૨૬-૨-૮૦, મંગળવાર *

ફાગણ સુદ ૧૧ ના રોજ યુવરાજ પાર્શ્વકુમારના વૈરાગ્યનો પ્રસંગ દર્શાવવામાં આવ્યો. યુવરાજ રાજસભામાં બેઠા છે. તેમના જન્મદિન પ્રસંગે રાજા-મહારાજાઓ તરફથી ભેટ સોગાદ લઈને રાજદૂતો અભિનંદન દેવા આવે છે. અયોધ્યાનો રાજદૂત અયોધ્યાના નરેશ શ્રી જયસેન મહારાજા વતી ઉત્તમ રત્નો આદિ ભેટ ધરે છે ત્યારે પારસકુમાર પ્રસન્નદૃષ્ટિથી દૂત સામે જોઈને અયોધ્યાના વૈભવ વિશે પૂછે છે. ઉત્તરમાં ભક્તિભાવથી દૂત મોક્ષગામી તીર્થંકરોની જન્મ ભોમકા અયોધ્યા નગરીનું વર્ણન કરે છે. 'મોક્ષ' શબ્દ સાંભળતાં પારસકુમાર ઊંડા વિચાર મગ્ન બની જાય છે ને દીક્ષા પૂર્વે તીર્થંકરોને નિયમથી થતું વૈરાગ્યપ્રેરક જાતિસ્મરણજ્ઞાન પારસકુમારને પણ થાય છે. પોતાના પૂર્વના નવ ભવોને જાતિસ્મરણ જ્ઞાનમાં પ્રત્યક્ષ જુએ છે એ પ્રસંગને પ્રાતઃકાળે દર્શાવવામાં આવ્યો હતો. પ્રતિષ્ઠાચાર્ય પંડિત શ્રી ધન્નાલાલજી (ગ્વાલિયર) એ, કમઠના ભવથી માંડીને વર્તમાન વામાદેવીના પિતા તાપસ દ્વારા પૂર્વના મરુભૂતિથી માંડીને વર્તમાન પારસકુમાર સુધીના ભવોના ઉપસર્ગજનિત પ્રસંગોની સચિત્ર કથા કહી હતી.

યુવરાજ પાર્શ્વનાથને ઉગ્ર વૈરાગ્યધારા ફૂટી નીકળી જાણીને, વિશેષ વૈરાગ્યની પુષ્ટિ અર્થે લૌકાંતિક દેવો આવી પોતાનું અનુમોદત વ્યકત્ત કરે છે. ઘણી ચર્ચા બાદ પ્રથમ ભૂમિગોચરી રાજાઓ પાલખી લે છે ને પછી વિદ્યાધર રાજાઓ અને દેવો યુવરાજ પાર્શ્વકુમારની પાલખી લઈને, ભવ્ય જુલુસ દ્વારા દીક્ષાવનમાં જાય છે.

તીર્થંકરને ગુરુ ન હોય, તેઓ "નમઃ સિદ્ધેભ્યઃ" મંત્રોચ્ચાર દ્વારા સ્વયં દીક્ષિત થાય. દીક્ષાવનમાં પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પારસનાથની દીક્ષા વિધિ પૂર્ણ થયા બાદ પૂજ્ય ગુરુદેવનું વૈરાગ્યની સ્ફુરણા જગાવતું ૨૦ મિનિટ પ્રવચન થયું હતું.

દીક્ષાવનમાં કુમાર પાર્શ્વકુમારની મંગલદીક્ષા પ્રસંગે, વૈરાગ્યસુધાપિપાસુ માનવ મહેરામણને વૈરાગ્યબોધક પ્રાસંગિક પ્રવચનમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે :

* આ વૈરાગ્ય પ્રસંગે અમને પણ વૈરાગ્યથી રુંવાટા ઊભા થાય છે *

ભગવાનને દીક્ષા લેતાં પહેલાં વૈરાગ્યભાવના થાય છે. ત્રણ જ્ઞાન સાથે જન્મે છે ને દીક્ષા લેતાં પહેલાં ૧૨ ભાવના ભાવે છે, પછી દીક્ષા લ્યે છે.

દીક્ષા લેતાં પહેલાં ભગવાન વૈરાગ્યની ભાવના એમ ભાવે છે કે બાહ્ય-અભ્યંતર નિર્ગ્રંથ દશા કયારે ધારણ કરું? બાહ્યમાં કપડાનો કટકો નહીં ને અંતરમાં રાગનો અંશમાત્ર નહીં એવી નિર્ગ્રંથ દશા-એવી દિગંબરી મુનિ-દીક્ષા કયારે પામું! મારી ચીજ

તો મારી પાસે જ છે, પરભાવોથી હું ઉદાસ છું. માત્ર દેહ છૂટતો નથી, બાકી બધું તો છૂટી ગયું છે ને એ દેહ પણ સંયમહેતુ માત્ર હશે છતાં દેહની મમત્વભાવના હો નહીં.

સમસ્ત દુનિયાથી ઉદાસ ઉદાસ ને દેહ પ્રત્યે પણ મમતા નહી એવી દીક્ષા કયારે પામું ? –એમ વૈરાગ્યથી રોમ રોમ ઉલ્લસી જાય છે. મને સમકિત તો છે જ, દેહમાં મૂર્છા છે નહિ, હું તો શુદ્ધ જ્ઞાનઘન છું જ, પણ જે અસ્થિરતાનો રાગ છે તેનો વિશેષ નાશ કરું.

નિજ સ્વભાવ હૃદયકમળમાં વિકસાવીશ ને આનંદથી મારું હૃદયકમળ ખીલી ઉઠશે એવી મુનિદશા મને પ્રાપ્ત હો. મારી પ્રવર્તના સંયમહેતુ માટે જ હો, જિન-આજ્ઞા પ્રમાણે પુરુષાર્થ હો, નિમિત્તના લક્ષે ઉત્પન્ન થતાં વિકલ્પો ક્ષણે ક્ષણે નાશ કરું ને મારી નિર્વિકલ્પતા વધતી જાય એવો અપૂર્વ અવસર કયારે આવશે ? –એમ દીક્ષા પહેલાં યુવરાજ પાર્શ્વનાથને વૈરાગ્યથી રુંવાટા ઉભા થાય છે ને મને પણ (–પૂજ્ય ગુરુદેવશ્રીને પણ) અત્યારે રુંવાટા ઉભા થાય છે [ તાલીઓના ગડગડાટ ].

હું તો દર્શન–જ્ઞાન–ચારિત્ર નિભાવીશ, બીજાને નિભાવવાનું કાર્ય મારું નથી. ચાર કષાયોમાં હું નહીં અટકું. કેશ–રોમ કે અંગે શૃંગાર નહિ ને વૈરાગ્યરસમાં તરબોળ હોઉં એવો અપૂર્વ અવસર કયારે આવશે ? ને ત્યારે મારો આ મનુષ્યભવ સફળ થશે, એ સિવાય મનુષ્યભવની સફળતા નથી.

શત્રુ–મિત્ર પ્રત્યે સમદર્શીપણે વર્તું, માન–અપમાનના કાળે મારો સ્વભાવ છોડું નહિ —એવી દિગંબરીદશા કયારે આવશે ? ઉગ્ર નિર્જરા દ્વારા–ઉગ્ર પુરુષાર્થ દ્વારા કર્મ નિર્જરું એવી દશા કયારે આવશે ? એકાકી વિચરું વન–જંગલમાં, સિંહ–વાઘ મળે તો મારો મિત્ર માનીશ, કેમ કે મારે દેહ જોઈતો નથી ને તે લેવા આવ્યો છે. સિંહ શરીર લેવા આવે ત્યારે શરીર તો સ્થિર હશે પણ મન પણ સ્થિર હોય ને હું તો અતીન્દ્રિય આનંદમાં સ્થિર હોઉં–એવું મુનિપણું કયારે આવશે ?

એ રીતે ચારિત્ર મોહને જિતી લઉં ને જ્ઞાન સ્વભાવના ઉજાળા-ઉજાળા અંદરમાં થઈ જાય એવી દીક્ષા કયારે પામું ? –ને એવી દીક્ષાથી અમને સર્વજ્ઞપણું મળી જ જશે. સંશયરહિતપણે કહીએ છીએ કે અમને આવી દીક્ષા લીધા પછી સર્વજ્ઞપણું મળી જશે. –એવી દીક્ષા અમને કયારે આવશે ? —એમ યુવરાજ પાર્શ્વનાથ દીક્ષા પહેલાં ભાવના ભાવે છે.

એ રીતે દીક્ષાકલ્યાણકના વૈરાગ્યરસ ઝરતાં પ્રવચન બાદ બ્ર. શ્રી અભયકુમારજીએ મુનિરાજની ભક્તિ કરાવી હતી ને હજારો ભક્તોએ પાર્શ્વ મુનિરાજની ભાવભીની ભક્તિ

કરી હતી. ત્યારબાદ ઘાટકોપરની ભજનમંડળીએ દીક્ષા પ્રસંગને અનુરૂપ શ્રીકૃષ્ણના જીવનનું વર્ણન કરતું, સંસારની સ્થિતિનો તાદૃશ ચિતાર આપતું, વૈરાગ્ય ઝરતું ગાયન ગાયું હતું, જે સાંભળીને ભક્તજનોના હૃદય ગદ્‌ગદ્ થઈ ગયા હતા.

રમેશભાઈ (ભજનમંડળી)એ ગાયેલ પ્રાસંગિક ગાયનના શબ્દો આ પ્રમાણે હતા :—

'નેમનાથની જે જનમ ભોમકા, ઈન્દ્રોએ જેને બનાવી રે.

એ જ દ્વારિકા નાશને ટાણે કોઈથી ના બૂઝાણી રે.

છેલ્લે, શ્રી બાબુભાઈએ (ફતેપુર) તથા કનુભાઈ વિગેરેએ 'ઐસે મુનિવર દેખે વનમેં' -આદિ મુનિભક્તિની ધૂન મચાવી હતી ને સોળ ઇંદ્ર-ઇંદ્રાણીઓ, રાજાઓ તથા દીક્ષાવનમાં ઉપસ્થિત મુનિ-ભકતો પાર્શ્વમુનિ સમક્ષ ભકિતનૃત્ય કરતા ધરાતા ન હતા.

–એ રીતે દીક્ષાકલ્યાણકનો અતિ વૈરાગ્યપ્રેરક પ્રસંગ નજર સમક્ષ ભજવાતો દેખીને જોનારનાં હૃદયોમાં પણ આવો અપૂર્વ અવસર અમને જલ્દી જલ્દી પ્રાપ્ત થાઓ એવી ભૂગ ભાવના ઘૂંટાતી હતી.

દીક્ષાકલ્યાણકના વૈરાગ્યરસ યુકત પ્રસંગ બાદ બપોરે ૧૨ વાગે આદિનાથ નગરમાં બિરાજમાન ૧૦૦૮ ભગવાન શ્રી આદિનાથ, શ્રી ચંદ્રપ્રભુ, શ્રી સીમંધરસ્વામી આદિ જિનબિંબોની અંકન્યાસ વિધિ પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન કરકમળે થઈ હતી.

રાત્રે ઘાટકોપરની ભજનમંડળી દ્વારા, પ્રાસંગિક નાટક 'રસ કથા પારસ નાથકી' રજુ થયું હતું.

* તા. ૨૭–૨–૮૦, ગુરુવાર *

ફાગણ સુદ ૧૨ ના રોજ શ્રી સમયસાર શાસ્ત્રની ૧૪ ગાથા દ્વારા સમ્યગ્દર્શનના વિષયભૂત વસ્તુસ્વરૂપ સમજાવતા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન બાદ મુનિરાજ પાર્શ્વનાથને પ્રથમ આહારદાન દેનાર રાજા થવાનું સૌભાગ્ય વડોદરા નિવાસી શ્રી મનુભાઈ પાનાચંદ કામદારને પ્રાપ્ત થયું હતું. મુનિરાજના આહારદાનનો લાભ લેવા ભકતોની ભીડ જામી હતી. મુનિરાજના આહારદાનનો પ્રસંગ નજરે નિહાળતાં ભકતજનોના હૈયે હરખ સમાતો નહોતો.

બપોરના, શ્રી પાર્શ્વનાથ સ્વામીને કેવળજ્ઞાન પ્રગટ થતાં ઘંટનાદ થાય છે ને દેવો દ્વારા સમવસરણની રચના થાય છે, તેમજ ઈન્દ્રો કેવળજ્ઞાન કલ્યાણકની પૂજા-ભકિત કરે છે તે પ્રસંગ દર્શાવાયો હતો.

* તા. ૨૮–૨–૮૦, ગુરુવાર *

ફાગણ સુદ ૧૩ ના પ્રાતઃકાળે તીર્થંકર અરિહંત પરમાત્મા શ્રી પાર્શ્વનાથસ્વામી

સિદ્ધક્ષેત્ર શ્રી સમ્મેદ શિખરની સૌથી ઊંચી ટૂંકેથી સિદ્ધપદને પામ્યા તે નિર્વાણકલ્યાણકની વિધિ બતાવવામાં આવી હતી. ત્યારબાદ પ્રતિષ્ઠા મંડપમાંથી ૧૦૮ ભગવાન શ્રી આદિનાથ આદિ જિનબિંબોને વાજતે-ગાજતે જિનાલયમાં લઈ જવામાં આવ્યા હતા.

મૂળનાયક શ્રી આદિનાથ સ્વામી, શ્રી ચંદ્રપ્રભુ સ્વામી, શ્રી સીમંધર સ્વામી, વિધિનાયક શ્રી પાર્શ્વનાથ સ્વામી, શ્રી શાંતિનાથ સ્વામી આદિ જિનભગવંતોની સ્થાપનાવિધિ તથા જિનવાણી શ્રી સમયસારજી, શ્રી પ્રવચનસારજી અને શ્રી નિયમસારજીની સ્થાપના વિધિ પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન કરકમળે થતી દેખીને મુમુક્ષુઓના હૃદય ઉલ્લાસથી ઊછળી રહ્યાં હતાં.

વડોદરા શહેરમાં નવનિર્મિત શ્રી આદિનાથ સ્વામીના આ ભવ્ય જિનમંદિરની નીચેની વેદીમાં મૂળનાયક શ્રી આદિનાથ સ્વામી, શ્રી ચંદ્રપ્રભુ સ્વામી, શ્રી સીમંધર સ્વામી, તથા વિધિનાયક શ્રી પાર્શ્વનાથ સ્વામીને બિરાજમાન કરવાની વિધિનો અણમૂલો લાભ અનુક્રમે શ્રી ચંદુલાલ પોપટલાલ કોટડીયા (પ્રમુખ), શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ, સ્વ. શ્રી ડાયાલાલ રેવચંદનો પરિવાર તથા માજી ઉદ્યોગમંત્રી શ્રી જશવંતલાલ સૌભાગ્યચંદ શાહને મળ્યો હતો. ઉપરની વેદીમાં શ્રી શાંતિનાથ સ્વામીને બિરાજમાન કરવાની વિધિનો લાભ શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહને મળ્યો હતો. તદુપરાંત આ ભવ્ય જિનાલયના મુખ્ય શીખર ઉપર સુવર્ણકળશ મૂકવાનો તથા કળશ ઉપર ધ્વજા ચઢાવવાનો અપૂર્વ લાભ અનુક્રમે શાહ રતીલાલ છોટાલાલ (પાદરા) તથા મેસર્સ લક્ષ્મી ટ્રેડર્સ (મીંયાગામ) ને મળ્યો હતો. જિનાલયની નીચે બનાવવામાં આવેલ સ્વાધ્યાય-મંદિરનું ઉદ્‌ઘાટન, પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં, કલકત્તા નિવાસી શ્રી રતનલાલજી ગંગવાલના સુહસ્તે થયું હતું.

ત્યારબાદ આ જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવના સમાપનરૂપે ઇંદ્ર-ઇંદ્રાણીઓ તથા જાપમાં બેઠેલા ભાઈઓ સહિત પ્રતિષ્ઠાચાર્ય પંડિત શ્રી ધન્નલાલજી, ગ્વાલિયર તથા સહપ્રતિષ્ઠાચાર્ય બ્ર. શ્રી અભિનંદકુમાર જૈન, જયપુર દ્વારા શાંતિયજ્ઞ કરાવવામાં આવ્યો હતો.

બપોરે પ્રવચન બાદ દિ. જૈન મુમુક્ષુ મંડળ, વડોદરા વતી પ્રમુખ શ્રી ચંદુભાઈ કોટડિયા તથા સ્વાગત પ્રમુખ, માજી ઉદ્યોગમંત્રી શ્રી જશવંતલાલ શાહ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીને અભિનંદન પત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વડોદરા શહેરમાં ભગવાન શ્રી આદિનાથ જિનાલયની સ્થાપનાની પ્રસન્નતારૂપે એક ભવ્ય રથયાત્રા વડોદરા શહેરના મુખ્ય માર્ગો ઉપર ફરી હતી.

—એ રીતે વડોદરા શહેરમાં ખૂબ જ ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં શાંતિથી, નિર્વિઘ્નપણે



"શ્રી આદિનાથ સ્વામી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ" ઉજવાયો હતો, જેમાં અગિયાર થી તેર હજાર મુમુક્ષુઓએ ભાગ લઈને સાનંદ ધન્યતા અનુભવી હતી.

* સવાર-બપોરના શ્રી સમયસાર તથા 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપરના પ્રવચનો ઉપરાંત રોજ સાંજે ૭ થી ૭-૪૫ પૂજ્ય ગુરુદેવશ્રીની રાત્રિચર્ચાનો કાર્યક્રમ આદિનાથ નગરમાં રાખવામાં આવ્યો હતો.શ્રોતાઓના પ્રશ્નોનું વાંચન શ્રી બાબુભાઈ મહેતા કરતા હતા.

* પ્રતિષ્ઠા મંડપનો-આદિનાથ નગરનો ભવ્ય દરવાજો નગરજનોને આકર્ષિત કરે તેવો હતો. આદિનાથનગરના ચોગાનની મધ્યમાં જિનધર્મની વિજયપતાકા ફરકાવતી ધર્મધ્વજા શોભતી હતી. ચોગાનની ફરતે વિવિધ સ્ટોલ રાખવામાં આવ્યા હતા, જેમાં કોઈમાં સોળ સ્વપ્નાઓ, પશુઓનો પોકાર સાંભળતા યુવરાજ નેમિકુમાર, અગ્નિમાં હોમાઈ જતાં સર્પોને ઉગારતાં યુવરાજ પાર્શ્વકુમાર, સિંહના ભવમાં મહાવીરસ્વામીના જીવને બે મુનિઓ દ્વારા ઉપદેશ તથા મુનિઓનો વૈયાવૃત્તનો પ્રસંગ વિદ્યુતયંત્રો દ્વારા સંચાલિત રંગીન ચિત્રો વડે સૌને આકર્ષિત કરતો હતો. તદુપરાંત ખનિયાધાના (મ. પ્ર), ગુના (મ. પ્ર.) તથા અશોકનગર (મ. પ્ર.)ના યુવા ફેડરેશનના ત્રણે સ્ટોલ પોતપોતના કાયક્રમો દ્વારા જન સમુદાયને રંજિત કરતો હતો. ગુનાનો 'શો-સ્ટોલ' વિશેષ આકર્ષણ પામ્યો હતો. બધા

જે કાર્યક્રમો પૂરા થયા બાદ રાત્રે ભરત–બાહુબલિના ત્રણ યુદ્ધો, ટોડરમલ બલિદાન, કમઠ ઉપસર્ગ, બાહુબલિ મુનિરાજને ભરતચક્રીનું સંબોધન તથા ભગવાનના દર્શનાર્થે ફુલ લઈને જતા દેડકાનું હાથીના પગ નીચે મૃત્યુ પામીને દેવ થવું —એવા વિવિધ પ્રસંગોને જૈન યુવકોએ વેશભૂષા દ્વારા આબેહૂબ ચિતાર આપ્યો હતો કે જે દૃશ્યો જોવા માટે રાત્રે ૧૦॥ વાગે પણ ખૂબ ભીડ થતી હતી. અશોકનગરના યુવકોએ પણ રાત્રે ભરત–બાહુબલિના મલ્લયુદ્ધ, દૃષ્ટિયુદ્ધ અને જલયુદ્ધના દૃશ્યો રંગબેરંગી લાઈટ તથા આકર્ષક વેષભૂષાદ્વારા રજૂ કર્યા હતા. તદુપરાંત ત્રણે ફેડરેશનના યુવકોએ દરેક રથયાત્રામાં પોતાના બેન્ડ અને દાંડીયારાસ–ભક્ત દ્વારા પ્રસંગને શોભાવ્યો હતો.

* સમયની અનુકૂળતાં મુજબ સવારે–બપોરે પ્રવચન બાદ તથા રાત્રિચર્ચા બાદ શરૂઆતના દિવસોમાં પંડિત શ્રી જ્ઞાનચંદજી વિદિશા, બ્ર. પં. શ્રી અભયકુમારજી જયપુર, પ્ર. પં. શ્રી ધન્નાલાલજી ગ્વાલિયર તથા પં. શ્રી દેવીલાલજીના વાંચનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. છેલ્લા દિવસોમાં ભરચક કાર્યક્રમો હોવાથી રાત્રિચર્ચા બાદ માત્ર ડૉ. હુકમચંદજી ભારિલ્લના વાંચનો થયા હતા.

* તા. ૨૭–૨–૮૦ ના બપોરના પ્રવચન બાદ વડોદરાના રાજવી શ્રીફતેસિંહરાવ ગાયકવાડના નાના ભાઈ તથા સંસદ સભ્ય શ્રી રણજિતસિંહ ગાયકવાડ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન કરવા આવ્યા હતા. પૂજ્ય ગુરુદેવશ્રીના સુહસ્તે 'બહેનશ્રીનાં વાચનામૃત' પુસ્તક ભેટ પામીને તેઓ પ્રમોદિત થયા હતા.

* શ્રી કુંદકુંદ કહાન દિગંબર જૈન ભજન મંડળી, ઘાટકોપરના પ્રસંગોચિત ભક્તિકાર્યક્રમો અતિ પ્રશંસનીય રહ્યાં હતાં.

* પંચકલ્યાણક–પ્રતિષ્ઠા મહોત્સવની ખુશાલીના ઉપલક્ષમાં શ્રી શાંતિભાઈ ઝવેરી તથા શ્રી કાંતિભાઈ મોટાણી તરફથી તા. ૨૬–૨, ૨૭–૨ ને ૨૮–૨ માટે પુસ્તક–વેચાણ અર્ધી કિંમતે જાહેર કરવામાં આવેલ. માત્ર ૨૪ કલાકમાં જ રૂા. ૮૦૦૦/–ના પ્રાપ્ય પુસ્તકોનો સ્ટોક ખલાસ થઈ ગયો હતો.

* શ્રી કુંદકુંદ કહાન તીર્થ રક્ષા ટ્રસ્ટ તરફથી ગુજરાતી આદિ પાંચેય ભાષાના આત્મધર્મની આજીવન સભ્યફી રૂા. ૨૫/ઘટાડીને રૂા. ૭૬/–જાહેર કરવામાં આવી હતી.

—આ રીતે વડોદરા શહેરના આંગણે વિશાળ જનસમુદાયની ઉપસ્થિતિમાં ઉજવાયેલો ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ અતિઆનંદ પૂર્વક સમાપ્ત થયો હતો.

## સમાચાર :—

પંડિત શ્રી જ્ઞાનચંદજી જૈન (વિદિશા) તા. ૭-૩-૮૦ થી તા. ૮-૪-૮૦ સુધી હિંમતનગર, ફતેપુર, કલોલ, સોનાસણ, મહેસાણા, મુંબઈ આદિ ગુજરાતના જુદા જુદા ૨૦ ગામોમાં ધર્મ-પ્રભાવના હેતુ વાંચનાર્થે પ્રવાસ કરશે.

પૂજ્ય ગુરુદેવશ્રીનું સ્વાસ્થ્ય સારું છે ઘોષિત પ્રવાસક્રમ મુજબ પૂજ્ય ગુરુદેવશ્રી ગામોગામના તત્ત્વરસિકોને અધ્યાત્મ-અમૃતનું પાન કરાવી રહ્યાં છે.

અમદાવાદ શહેરના ઉપનગર નવરંગપુરામાં શ્રી મહાવીરસ્વામી દિગંબર જિનમંદિર તથા શ્રી કુંદકુંદ કહાન દિગંબર જૈન સ્વાધ્યાયભવનની શિલાન્યાસ વિધિ તા. ૧-૩-૮૦ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં કલકત્તા નિવાસી શ્રી પન્નાલાલજી ગંગવાલના સુહસ્તે થઈ હતી. શિલાન્યાસવિધિ પ્રસંગે આ શુભ કાર્ય માટે રૂપિયા સાડા ત્રણ લાખની દાનરાશિ જાહેર થઈ હતી.

**સુરત :—** નિર્ધારીત પ્રવાસક્રમ મુજબ પાલેજ થઈને તા. ૧૪-૨-૮૦ ના રોજ સુરત શહેરમાં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ પધરામણી થતાં ત્યાંના જૈન-જૈનેતર સમાજે ભાવભીનું સ્વાગત કર્યું હતુ. તા. ૨૦-૧-૮૦ ના રોજ માત્ર ૨૨ ઘરના સભ્યોથી મુમુક્ષુ મંડળની સ્થાપના થઈ હતી ને પૂજ્ય ગુરુદેવશ્રીની આત્મકલ્યાણકારી વાણીના પ્રભાવથી મુમુક્ષુ મંડળની સભ્યસંખ્યા ૨૫૦ની થઇ ગઈ હતી. શ્રી સમયસાર ગાથા ૩૮ તથા 'બહેનશ્રીનાં વચનામૃત' ના ભિન્ન ભિન્ન બોલ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક પ્રવચનોનો લાભ જૈન-જૈનેતર સમાજે ઘણાજ ઉલ્લાસ પૂર્વક લીધો હતો. બન્ને ટાઈમના પ્રવચનો બાદ, શ્રી વૃજલાલ ભાઈલાલ ડેલીવાલા, સૂરત તથા શ્રી વૃજલાલ મગનલાલ શાહ, જલગાંવ તરફથી પૂજ્ય ગુરુદેવશ્રીના કરકમળ દ્વારા 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તક જિજ્ઞાસુઓને ભેટ આપવામાં આવ્યા હતા. તા. ૧૭-૨-૮૦ ના સવારે પ્રવચન બાદ ત્યાંના મુમુક્ષુ મંડળે પૂજ્ય ગુરુદેવશ્રીને અભિનંદન-પત્ર અર્પણ કરીને તેઓશ્રીના આગમન તથા ઉપકાર પ્રતિ પોતાનો અહોભાવ વ્યક્ત કર્યો હતો. અભિનંદન-પત્રનું વાંચન પંડિત શ્રી હિંમતભાઈ શાહે કર્યું હતું ને અર્પણ-વિધિ પ્રમુખ શ્રી મનહરલાલ ધીરજલાલ શાહે કરી હતી.

## વૈરાગ્ય-સમાચાર

બોટાદ નિવાસી ગોપાણી ચંપકલાલ શીવલાલ (વર્ષ-૬૪) તા. ૫-૧-૮૦ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

રાજકોટનિવાસી મોદી સોભાગચંદભાઈ મોતીચંદભાઈ તા. ૧૦-૧-૮૦ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

દાહોદનિવાસી સુમતિભાઈ કેસરીમલ ભૂતા (વર્ષ-૬૦) તા. ૧૫-૧-૮૦ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

લાઠીનિવાસી અંજવાળીબેન વનેચંદ (વર્ષ-૭૦) તા. ૧૭-૧-૮૦ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

મલાડનિવાસી કુસુમબેન અમૃતલાલ તા. ૧૯-૧-૮૦ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

લાઠીનિવાસી વિમળાબેન કાન્તીલાલ ભાયાણી (વર્ષ-૫૯) તા. ૨૩-૧-૮૦ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

વળાનિવાસી ગોદાવરીબેન વલ્લભદાસ (વર્ષ-૯૦) તા. ૯-૨-૮૦ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

સદ્‌ગતઆત્માઓ વીતરાગ જિનેન્દ્રદેવનું શરણ પામી આત્મોન્નતિ પામો એ જ ભાવના.

### "ગ્રાહકોને અગત્યની સૂચના"

ગુજરાતી આત્મધર્મનું નવું વર્ષ તા. ૧-૭-૮૦થી શરૂ થશે. કાગળ, છપાઈ આદિના ભાવમાં સારો એવો વધારો થયેલ હોવાથી આવતા વર્ષથી આત્મધર્મનું વાર્ષિક લવાજમ વધારીને રૂા. ૯ કરવું પડયું છે તો મનીઓર્ડરથી રૂા. ૯=૦૦ લવાજમના મોકલવા વિનંતી. —વ્યવસ્થાપક, શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ, સોનગઢ

### * આત્મધર્મ માસિક-પત્ર સંબંધી માહિતી *


| | |
|---|---|
| પ્રકાશન સ્થાન | : શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ |
| પ્રકાશન તારીખ | : દરેક માસની પહેલી તારીખ |
| પ્રકાશક | : શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ |
| મુદ્રક | : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ |
| સંપાદક | : નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ |
| તંત્રી | : ડૉ. ચંદુલાલ ટી. કામદાર, રાજકોટ |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| માલિક | : શ્રી. દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ |

—વ્યવસ્થાપક (-મેનેજર)

તા. ૧-૩-૧૯૮૦ શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ



યુવરાજ શ્રી પાર્શ્વકુમારની મુનિ-દીક્ષા પ્રસંગે દીક્ષાવનમાં આઠેક હજાર ભક્તજનોને વૈરાગ્યબોધક પ્રવચન આપી રહેલાં વૈરાગી મુખમુદ્રાધારી પૂજ્ય ગુરુદેવ.



પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનાર્થે આવેલા વડોદરાના શ્રી રણજીતસિંહ ગાયકવાડને પૂજ્ય ગુરુદેવશ્રી 'બહેનશ્રીનાં વચનામૃત' ભેટ આપી રહ્યાં છે. માજી ઉદ્યોગ મંત્રી તથા પંચકલ્યાણક પ્રતિષ્ઠાના સ્વાગત પ્રમુખ શ્રી જશવંતલાલ સૌભાગ્યચંદ શાહ વચ્ચે ઊભેલા જણાય છે.

તંત્રી : ડૉ. ચંદુભાઈ ટી. કામદાર પ્રત : ૩૫૦૦
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN : 364 250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ [ વાર્ષિક લવાજમ રૂા. ૬=૦૦ ]